Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૨૨
તા.૩૧-૧૨-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૦૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૩.૧ | વડોદરા | ૧૨.૨ |
| અમદાવાદ | ૧૩.૨ | સુરત | ૧૫.૬ |
| ગાંધીનગર | ૧૨.૮ | નલિયા | ૧૦.૨ |

ચાંદી : ૩૯,૧૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# હું ભાજપ પાર્ટી નહી છોડું : નીતિન પટેલ

## આ માત્ર ખાતાઓની વાત નથી, પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે, મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે : નીતિન પટેલની સ્પષ્ટ પ્રતિક્રિયા



અમદાવાદ

ભાજપની નવી સરકારમાં ખાતાઓની ફાળવણીથી લઇ પોતાની ગંભીર ઉપેક્ષાને લઇ ત્રણ દિવસથી નારાજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે આજે સાંજે આખરે મૌન તોડયું હતુ અને પોતાની વેદના ઠાલવી હતી. નીતિનભાઈએ ઢીલા સ્વરે પરંતુ મક્કમતા સાથે સ્પષ્ટ કર્યું હતું કે, હું ભાજપ પાર્ટી નહી છોડું, છેલ્લા ૪૦ વર્ષોથી મેં ભાજપ માટે મહેનત કરી છે. આ માત્ર ખાતાઓની વાત નથી પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે. મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે. જેમણે મને શુભકામના પાઠવી અને મારી ચિંતા કરી તે તમામનો આભાર માનું છું. નીતિન પટેલની નારાજગી અને રિસામણાને લઇ છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના રાજ-કારણમાં ખાસ કરીને ભાજપમાં હાઇ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. નીતિન પટેલ ત્રણ દિવસથી તેમની ઓફિસ પણ ગયા ન હતા અને તેમના નિવાસસ્થાને જ નારાજ થઇને બેઠા હતા. જયાં છેલ્લા ત્રણ દિવસથી પાટીદાર સમાજના આગેવાનોથી માંડી દિગ્ગજ મહાનુભાવોએ નીતિન પટેલની શુભેચ્છા મુલાકાત લઇ તેમને આ નારાજગી પળોમાં સાથ અને ટેકાની હૈયાધારણ આપી હતી. ભાજપની નવી રૂપાણી સરકારમાં ફરી એકવાર પોતાની ઉપેક્ષા અને થયેલા અન્યાયને લઇ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ વખતે આક્રમક મુડમાં જોવા મળ્યા હતા અને છેલ્લા ત્રણ દિવસથી તેઓ રિસાઇને તેમના નિવાસસ્થાને જ બેસી ગયા હતા. નીતિન પટેલના રિસા મણાંને લઇ ગુજરાત રાજકારણમાં ફરી એકવાર જોરદાર ગરમાવો આવી ગયો હતો. એટલે સુધી કે, નીતિન પટેલ રાજીનામુ ધરી દેશે અને જરૂર પડયે કોંગ્રેસમાં પણ જોડાઇ શકે છે તેવી અફવાઓ અને અટકળોનું બજાર ગરમ થયું હતું.

## રૂપાણીએ નીતિનભાઇ મુદ્દે ટિપ્પણી કરવાનું ટાળ્યુ

### મોડી સાંજે કમલમ ખાતે નીતિન પટેલની વાતચીત

અમદાવાદ

ભાજપના વરિષ્ઠ નેતા નીતિન પટેલ ખાતાઓની ફાળવણી કરવામાં આવ્યા બાદથી નાખુશ દેખાઈ રહ્યા છે. નીતિન પટેલને મનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાર્ટી હાઈકમાન્ડે પણ સમગ્ર ઘટના ઉપર ચાંપતી નજર કેન્દ્રિત કરી દીધી છે. આવી સ્થિતિમાં નીતિન પટેલ હજુ પણ નારાજ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આજે ફલાવર શોનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યા ત્યારે મીડિયાપર્સન દ્વારા મુખ્યમંત્રીને નીતિનભાઇ પટેલ વિશે પ્રશ્નો પૂછાયા હતા. જો કે, રૂપાણીએ નીતિનભાઇ મુદ્દે કોઇપણ જવાબ કે પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું. તેઓ કંઇ બોલ્યા વિના જ રવાના થઇ ગયા હતા. જો કે, રૂપાણી એ અરસામાં મોબાઇલ પર લાંબી વાત કરતા નજરે પડતા હતા,તેથી તે વાતચીત હાઇકમાન્ડ સાથે ચાલી હોય તેવી ચર્ચા પણ ચાલી હતી. ભાજપના ટોપના નેતાઓ સમગ્ર ઘટનાક્રમને લઇને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. મોડી સાંજે નીતિન પટેલ કમલમ જવા માટે રવાના થયા હતા. કમલમ ઓફિસ પર નીતિન પટેલને મનાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવનાર છે. નીતિન પટેલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન આક્રમક પ્રચાર કરીને લોકોને પોતાની તરફેણમાં કર્યા હતા. જોરદાર દેખાવ કર્યો હતો.

## વિચાર વૈભવ...

કહેવાય છે કે ૨૧ ડિસેમ્બર, ૨૦૧૨ માં પ્રલય થશે, કલિયુગનો અંત અને ફરી સત્યુગ શરૂ થશે. પૃથ્વી પર પાપનો ભાર વધે એ શેષનાગથી અસહ્ય થાય એટલે એ પડખાં બદલે અને ધરતીકંપો થયા કરે, એવી પણ એક માન્યતા છે. હમણાં વિશ્વમાં તો આગ- વાવાઝોડાં અને ધરતીકંપોની તો વણજાર ચાલુ જ છે!! સિમેન્ટમાં ભેળસેળ, દવામાં, ઘી- દૂધમાં, જીવનજરૂરી બધી જ વસ્તુઓમાં ભેળસેળ....

પ્લાસ્ટિક ખુરશી બનાવતો ફેક્ટરીનો માલિક સવારે ‘મોર્નિંગ વોક’ કરી પરસેવે રેબઝેબ ઘરના આંગણામાં બગીચાની લોનમાં રાખેલી ખુરશીઓમાંથી એક પર બેઠો. ખુરશી આખી લોનમાં પાયા સહિત ઘૂસી ગઈ. બે પાયા બટકી પડ્યા. માલિકને ફ્રેક્ચર થઈ ગયું.

હોસ્પિટલમાં બે માસનો ખાટલો હતો. ત્યાં મિટિંગ બોલાવી. મેનેજરોને બોલાવ્યા. આવી તકલાદી ખુરશી કેમ બનાવી?

એક મેનેજર સત્યવાદી હતો, તેણે કહ્યું, ‘તમે જ્યારે ‘ફોર્મ્યુલા’ બદલાવી ત્યારે જ મેં વિરોધ કર્યો હતો કે નફો કદાચ વધશે પણ માલ સારો અને મજબુત નહીં રહે. આજે બજારમાં આપણી ખુરશીનું નામ નથી અને તકલાદીપણું તો તમે જ સાબિત કરી દીધું! ધરતી પાપી અને પાપને સહન નથી કરી શકતી. પછી તમારો ભાર ક્યાંથી સહન કરે!’

શેઠ સત્ય સ્વીકારી જૂની ફોર્મ્યુલા શરૂ કરી.

- સુરેશ પ્રા.ભટ્ટ

## ભાજપની સાથે છેડો ફાડવા નીતિન પટેલને સૂચન કરાયુ

### કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થવા હાર્દિકનું નિમંત્રણ

અમદાવાદ

ગુજરાતની નવી સરકાર બન્યા બાદથી ખેંચતાણની સ્થિતિ ચાલી રહી છે. નીતિન પટેલ નાખુશ હોવાના અહેવાલ મળી રહ્યા છે. ખાતાઓની ફાળવણીને લઇને નાયબ મુખ્યમંત્રી નારાજ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ હજુ સુધી નીતિન પટેલનો વિરોધ કરી રહેલા પાટીદાર આંદોલન નેતા હાર્દિક પટેલે પણ મેદાનમાં કુદી જઇને સ્થિતિને વધુ વિસ્ફોટક બનાવવાના પ્રયાસ કર્યા છે. ડ્રામાબાજીનો દોર આજે જારી રહ્યો હતો. પોતાને કોઇ મહત્વના ખાતા નહીં મળવાથી નાખુશ નીતિન પટેલ ખુબ નારાજ દેખાઈ રહ્યા છે. કેબિનેટની અંદર ખેંચતાણના અહેવાલ બાદ હાર્દિક પટેલે નીતિન પટેલને ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસમાં સામેલ થવાનું આમંત્રણ આપી દીધું છે. હાર્દિક પટેલે આજે કહ્યું હતું કે, જો નીતિન પટેલ ભાજપ સાથે છેડો ફાડવા ઇચ્છુક છે તેઓ કોંગ્રેસ સાથે વાત કરશે. તમામ પટેલોને નીતિન પટેલનો સાથ આપવો જોઇએ અને તેમને પાર્ટી છોડી દેવી જોઇએ. ગુરુવારના દિવસે વિજય રૂપાણીએ ખાતાઓની ફાળવણી કરી હતી. એમ માનવામાં આવે છે કે, નવી સરકારમાં નીતિન પટેલને સાઇડલાઈન કરવામાં આવ્યા છે. તેમની પાસે શહેરી વિકાસ અને નાણા વિભાગ રહ્યા નથી. નવી સરકારમાં તેમને માર્ગ અને બિલ્ડિંગ નિર્માણ તથા આરોગ્યની જવાબદારી આપવામાં આવી છે. મુખ્યમંત્રી રૂપાણીએ શહેરી વિકાસ વિભાગનું ખાતું પોતાની પાસે રાખ્યું છે.

## ટ્રેલર-છકડા વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૭ ના મોત

અમદાવાદ

વિરમગામ-સાણંદ રોડ પર હાંસલપુર ચોકડી પાસે આજે એક મોટા ટ્રેલર અને છકડા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા સાત જણાંના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા, જયારે પાંચથી વધુને ઈજા થઇ હતી. ગમખ્વાર અકસ્માતના આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. છકડામાં જઇ રહેલા મુસાફરો અકાળે કાળનો કોળિયો બની ગયા. મૃતક મુસાફરોના રસ્તા પર સૂવડાવેલા મૃતદેહો જોઇને ભલભલાના કાળજા કંપી ગયા હતા.

## ધાનેરામાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શોપિંગ સેન્ટરની દુકાનોની હરાજી



એન.કે.મોદી

### ૭૦૦ લોકોએ ડીપોઝીટ ભરી : પાલિકાને અંદાજે ૩૦ કરોડ રૂા. ઉપજ્યા

ધાનેરા

ધાનેરામાં નગર પાલિકા બનાવવામાં આવેલા શોપિંગ સેન્ટરની જાહેર હરાજી ના બીજા દિવસે હરાજીમાં ભાગ લેવા માટે રૂપિયા ૨૫૦૦૦ ની ડિપોઝીટ ભરનારનેજ પ્રવેશ આપવામાં આવ્યો હતો જેથી શાંતિપૂર્ણ રીતે આજે હરાજી પ્રક્રિયા ચાલી હતી

ધાનેરામાં નગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલા ડોક્ટર શ્યામાં પ્રસાદ મુખર્જી શોપિંગ સેન્ટરની જાહેર હરાજી ગઈ કાલ ૨૯ તારીખથી સરું થઇ હતી જેમાં ગઈ કાલે સવારે ૧૧ વાગ્યે થી સારું થયેલી હરાજી સાંજે ૬ વાગ્યા સુધી ચાલી હતી જેમાં ૩૦ દુકાનોની હરાજી થઇ હતી તે પછીની દુકાનોની હરાજી આજે મામલતદાર , ચીફ ઓફિસર , પાલિકા પ્રમુખ ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી ગઈ કાલ હરાજીમાં વિરોધ પક્ષ દ્વારા ઉગ્ર રજૂઆતો કરાતા હરાજીમાં વિક્ષેપ સર્જાયો હતો જે બાદ આજે પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ડિપોઝીટ ભરનારા લોકોનેજ હરાજી સ્થળે પ્રવેશ આપવામાં આવ્યો હતો જેમાં અત્યાર સુધીમાં ૭૦૦ લોકોએ ડિપોઝીટ ભરી હતી અને જાહેર હરાજીમાં ભાગ લીધો હતો અત્યાર સુધીમાં અંદાજે ૩૦ કરોડ જેટલા રૂપિયાની દુકાનોની હરજી પ્રકિયા થવા પામી છે અને હજી પણ દુકાનો બાકી રહેતા તેની હરાજી આવતી કાલે યોજાશે.

### જી.એસ.ટી.ની માત્ર અફવા છે : ઉપ પ્રમુખ (ધાનેરા ન.પા.)

ધાનેરા શોપીંગ સેન્ટરમાં હરાજીમાં જે લોકો વહેપારીઓ ભાગ લઈ દુકાનો લીધેલ તે અંગે જી.એસ.ટી. લાગશે તેવી અફવા શરૂ થતા વહેપારીમાં ગણભણ મચી ગઈ હતી. આ અંગે નગરપાલીકા ઉપપ્રમુખનો સંપર્ક સાંધતા તેઓએ જણાવેલ કે, હાલ જે શોપીંગ થયેલ હરાજીમાં જી.એસ.ટી. સાથે રકમ લેવામાં આવશે તેની કોઈ જ શરત નથી. પરંતુ અમે પણ અફવા સાંભળેલ છે અને વહેપારીઓ પણ અમને પૂછપરછ કરેલ છે. પરંતુ જે રકમ ભરેલ છે. પરંતુ જે માસીક ભાડું ૧૦૦, ૨૦૦, ૩૦૦ રૂા. નક્કી કરેલ છે તેનો જી.એસ.ટી. સરકાર ધારા ધોરણ મુજબ લાગી શકે છે. જ્યારે કરારખત કરવામાં આવશે તેની સ્પષ્ટ વિગતવાર ખુલાશો થઈ જશે.જેથી હાલમાં બજારમાં ચાલતી અફવામાં આ અંગે અમારા માનવા મુજબ કોઈ તથ્ય લાગતું નથી. અમારી ચીફ ઓફિસર પણ આ અંગે કાયદાકીય જાણકારી મેળવેલ છે જે અંગે લોકો કોઈપણ પ્રકારની અફવામાં આવવાના તેમજ ગભરાવવાની જરૂરત નથી.

## રાજયમાં ઠંડીના પ્રમાણમાં વધુ ઘટાડો : પારો ૧૩.૨

### વલસાડમાં લઘુત્તમ તાપમાન ૧૦.૧ ડિગ્રી નોંધાયું

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો નોંધાયો છે જેથી લોકોને પણ રાહત થઇ છે. લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિગ્રી નોંધાયું હતું. સૌથી ઓછુ તાપમાન આજે વલસાડમાં નોંધાયું હતું. વલસાડ ઠંડુગાર રહ્યું હતું. અહીં લઘુત્તમ તાપમાન ૧૦.૧ રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણા વવામાં આવ્યું છે કે, આવતી-કાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી રહી શકે છે. તંત્ર તરફથી કોઇ પણ પ્રકારની ચેતવણી આપી નથી.અમદાવાદ શહેરમાં પણ લોકોએ સવારમાં ઠંડીનો અનુભવ કર્યો હતો. ઉત્તર ભારતમાં એક બાજુ તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા ઉપર માઠી અસર થઇ રહી છે ત્યારે હવે ગુ-જરાતમાં પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

ઉત્તરાયણ સુધી ઠંડીમાં હજુ પણ વધુ ફેરફારની સ્થિતિ જોવા નહીં મળે તેવી શક્યતા છે. ક્રિસમસના પર્વ ઉપર જેટલી ઠંડીનો અનુભવ સામાન્ય રીતે થાય છે તેટલો અનુભવ થયો નથી. વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. ઈન્ફેકશન અને પેટના દુખાવાની ફરિયાદો જોવા મળી રહી છે.

## સાર સમાચાર...

### ધોરણ-૧૦, ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૧૨ માર્ચથી શરૂ

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૮માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ આજે બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાઓ તા.૧૨મી માર્ચથી શરૂ થશે અને તા.૨૮મી માર્ચના રોજ પૂર્ણ થશે. માર્ચ-૨૦૧૭ની પરીક્ષા તા.૧૫ માર્ચથી શરૂ થઈ હતી. એટલે કે, આ વખતે બોર્ડની પરીક્ષા ત્રણ દિવસ વહેલા શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષા માટે અત્યારસુધીમાં ૧૭.૧૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાઈ ચૂકયા છે અને હજુ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની નોંધણીની કાર્યવાહી ચાલુ હોઈ આ આંકડો વધશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ વખતે ધોરણ-૧૨ સાયન્સ માં પ્રથમ વખત સેમેસ્ટર સીસ્ટમ વગર બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવનાર છે, તે નોંધનીય છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૮માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને વાલીઓના આગોતરા આયોજનને ધ્યાનમાં રાખી આજરોજ જાહેર કરવામાં આવ્યો હતો.

## પતિની હત્યા કરાવનાર પત્નીને આજીવન કેદની સજા

તાલુકા પ્રતિનીધી દીઓદર

હજુરજી વેલાજી ઠાકોરે (રહે.લુદરા,તા.દીઓદર)તા.૧-૩-૨૦૧૬ના રોજ ફરીયાદ દીઓદર પોલીસ સ્ટેશનમાં આપેલ કે તેમના દીકરા નારણજીની લાશ ઓગડ પુરાના રેલ્વેના પુળીયા પાસે પડી છે.લાશ જોતા લાશ ને ઘસડીને રેલ્વેના પાટા ઉપર નાખવામાં આવેલ હતી.લાશ જોતા ખુન થયેલ માલુમ પડેલું.ત્યારબાદ દીઓદર પોલીસે આઈ ગુ.ર.નં. ૧૮/૨૦૧૬થી ઈ.પી.કો. કલમ ૩૦૨, ૨૦૧,૩૪ મુજબનો ગુન્હો નોંધી પી.એસ.આઈ.શ્રી જે.બી.આસોડીયાએ તપાસ શરૂ કરતા મરનારની પત્ની આશાબેનને પ્રવિણ (ઘુઘો) મણાજી હજુરજી ઠાકોર સાથે આડા સબંધો હતા અને મરણ જનાર નારણજીનું ખુન કરી પુરાવાનો નાશ કરવા લાશ રેલ્વેના ફાટક ઉપર મુકી અને પુરાવા નાશ કરેલ તેવું તપાસમાં આવેલ. અને ગુનાનું ચાર્જ સીટ એડી.સેસન્સ કોર્ટ ૪થા બી.એલ.ચૌધરી સાહેબ દીઓદર કરતા અને સે.કે.નં. ૨૮/ ૨૦૧૬થી પુરાવો લેતા અને પુરાવો આરોપીઓ વિરૂધ્ધ પડતા ઈ.પી.કો.કલમ ૩૦૨, ૨૦૧-૩૪ના ગુનામાં આરોપી પ્રવિણજી ઉર્ફે (ઘૂઘો) મણાજીને આજીવન કેદ અને રૂા.૧૦, ૦૦૦/નો દંડ, આશાબેન નારણજી ઠાકોરને આજીવન કેદ અને રૂા.૧૦,૦૦૦/-નો દંડ કરેલ છે.આ કેસમાં ડી.વી.ઠાકોરે ધારદાર દલીલો કરેલ.

## દેતાલડુવામાં મંત્રીના રૂપીયા લૂંટનાર આરોપી ઝડપાયો

### ઉછીના પૈસા નહી આપતાં ૩૬૦૦ની લૂંટ કરી હતી

લાખણી

લાખણી તાલુકાના દેતાલડુવા ગામની દુધ મંડળીના મંત્રીએ ઉછીના પૈસા નહી આપતાં અમે પણ દુધ ભરાવીએ છીએ તેમ કહીને ગામના એક શખસે ૩૬૦૦ લુંટીને લઇ લીધા હતા.પોલીસે તેને ઝડપી લઇ જેલ હવાલે કર્યો હતો.



લાખણી તાલુકાના દેતાલ ડુવા ગામમાં પખવાડીયા પહેલાં શુક્રવારના સવારના આઠ વાગ્યના સુમારે ગામની દુધ મંડળીના મંત્રી પારસભાઇ રૂપાજી ઠાકોર મંડળી આગળ તડકામાં ઉભેલા હતા.આ વખતે અજમલજી ઠાકોરે આવીને પાંચ હજાર રૂપીયા ઉછીના માંગ્યા હતા.આથી મંત્રી એ પૈસા નથી અને તને શા માટે આપુ તેમ કહેતાં તે એકદમ ઉશ્કેરાઇને અમો દુધ ભરાવીએ છીએ તો તમો કેમ પૈસા ના આપો તેમ કહી અપશબ્દો બોલતાં તેમ કરવાની ના પાડતાં એકદમ સામે ધસી આવી મને સાથે ગડદા પાટુનો માર મારી તેમના શર્ટના ખીસ્સામાં હાથ નાખી રૂ.૩૬૦૦ની લુંટ કરી હતી. આથી તેમણે બુમો પાડતાં ટેસ્ટરઅને અન્ય ગ્રાહકો દોડી આવતાં તે નાસી છુટ્યો હતો. આ બનાવ અંગે ફરીયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ હાથ ધરી આરોપી અજમલજી મફાજી ઠાકોરને થરાદમાંથી ઝડપી લઇ જેલ હવાલે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**જર જમીન અને જોરૂ-ત્રણે કજિયાના છોરું**

## જેતવાસમાં જમીનની તકરારમાં આદિવાસી યુવકની હત્યા



સંજય જોષી

પાલનપુર

"જર જમીન અને જોરૂ- ત્રણે કજિયાના છોરું" ઉક્તિને સાર્થક કરતો બનાવ દાંતા તાલુકા ના જેતવાસ ગામ ખાતે બન્યો છે. જેમાં જમીનની તકરારમાં એક આદિવાસી યુવકની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે.

મૃતકના સ્વજન ઉમેશ ભાઈના જણાવ્યા મુજબ, અંબાજીથી ૫ કિલો મીટરથી દૂર આવેલ જેતવાસ ગામમાં જમીનની તકરારમાં ૪૫ વર્ષીય યુવકની છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. લાંબા સમયથી ચાલતા જમીન વિવાદને લઈને બસુભાઈ કાળાભાઇ પરમારની છરીના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પાલનપુર સિવિલમાં સારવાર દરમિયાન બસુભાઈ પરમારનું મોત નિપજ્યું હતું. ત્યારે પોલીસે મૃતદેહને પી.એમ.માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

**સૂર્યોદય - ૭.૨૧ સૂર્યાસ્ત - ૬.૦૪**

## તિથિદર્શન

પોષ સુદ-૧૩ રવિવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧૦ શ. | | ૮બુ. |
| ૧૧ | ૯ સુ.લ.બુ. શુ. | ૭ મં. |
| ૧૨ | | ૬ |
| ૧ | ૩ | ૫ |
| ૨ ચં. | | ૪ રા. |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : તેરસ રવિવાર નક્ષત્ર:રોહીણી સાંજે ૫.૫૪ પછી મૃગશીર્ષ યોગ :શુભ કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### શુભં ચાપ્યશુભં કર્મ ફલકાલમપેક્ષતે શરધેવ ફલત્યાશુ શાલિનં સુરભૌ કચિન

'સારું અથવા ખરાબ કર્મ તેનું ફળ- પરિણામ આપવા માટે સમયની અપેક્ષા સેવે છે અર્થાત્ તેને પરિપક્વ થવાના સમયની જ રાહ જુએ છે. ડાંગર શરદઋતુ આવે ત્યારે જ પાકે છે, વસંતઋતુમાં એ કદી મહોરી ઊઠતી નથી.'

કર્મયોગનો સિદ્ધાંત છે :આજે કે વર્ષો પહેલાં કે જન્મો પહેલાં કરેલાં કુકર્મો કે સત્કર્મો જ્યારે તેનો સમય થાય ત્યારે જ પાકે અને તેનાં ફળ મળે જ છે.

ડૉ.મનમોહનસિંઘે તટસ્થ રહી- સ્વચ્છ રહી કોંગ્રેસ પક્ષ અને નેહરુ પરિવારની આજન્મ સેવા કરી તો તેમને કલ્પનામાં પણ નહીં હોય તે વડાપ્રધાનપદ પ્રાપ્ત થયું. પ્રભાવતીબેને સોનિયા ગાંધીને ત્યાં નિષ્ઠાપૂર્વક સેવાભાવથી રસોઈ કરી તો 'રાષ્ટ્રપતિ' થઈ ગયાં...

એન.ડી.તિવારી રાજયપાલ હતા ત્યારે પોતાની કામવાળી સાથે જે દુરાચાર કર્યાં તેનું ફળ ૪૦-૪૫ વર્ષે બદનામી સાથે ભોગવવું પડ્યું.

ભગવાનને ઘેર 'દેર' હોય એવું આપણને દૂરથી લાગે છે પણ અંધેર તો નથી જ. અહીંના કર્મો- કુકર્મો અહીં જ ભોગવવાં પડે છે. ઈશ્વરીય સમય- પત્રકનો આપણને સાચો અંદાજ નથી એટલે અન્યાય જેવું લાગે છે, બાકી સમય સાથે તેનાં પરિણામ નિશ્ચિત મળે જ છે.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પરિવારજનોમાં યશની પ્રાપ્તિ થાય. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.**
**મિથુન : (ક.છ.ઘ.) આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.**
**સિંહ : (મ.ટ.) નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.**
**તુલા : (ર.ત.) કાર્યમાં વિલંબથી સફળતા મળે. વ્યર્થ વાલ-વિવાદ ન કરવો હિતાવહ.**
**વૃશ્ચિક : (ન.ય.) કાનુની બાબતે લાભ. આવકમાં વૃદ્ધિ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) મહત્વના નિર્ણયો લઇ શકશો. દિવસ આનંદ ભર્યો પસાર થાય.**
**મકર : (ખ.જ.) વ્યાપાર ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહિજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ગાંધીચીંધ્યા માર્ગે શિક્ષણ અને સેવાના માધ્યમથી લોકઘડતરનું ભગીરથ કાર્ય કરનાર પદ્મશ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ)ની પુણ્યતીથી છે. એમનો જન્મ ૨૧-૧૦-૧૮૮૦ના રોજ પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં થયો હતો. એમનું અવસાન નાનપણનું હુલામણું નામ'નથ્થુ ભટ્ટ' હતું. ગુજરાતના લોકહૈયે તો તેઓ ભટ્ટના વહાલસોયા નામે જ અમર બની ગયા છે.

ઈ.સ.૧૯૧૦માં એમણે ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ'ની સ્થાપના કરી અને પછી તો એ સંસ્થાના તે પ્રાણ બની ગયા. એમણે રામાયણ અને મહાભારતમાં પાત્રો જેવા સુંદર પુસ્તકો આપ્યા. ગુજરાતને આદર્શ ગ્રામસેવકો અને ગ્રામશિક્ષકો આપ્યા. થોકબંધ સાહિત્ય લખનાર લેખકો પણ આપ્યા. તેમણે ગાંધીજીની પાયાની કેળવણી ચરિતાર્થ કરી બતાવી. તેમણે સૌરાષ્ટ્રના લુંટારાઓને સુધાર્યા અને છેલ્લે એમણે નવી જ જાતની 'લોકભારતી' નામની ગ્રામવિદ્યાપીઠ પણ ઉભી કરી. તેમને ભારત સરકારે 'પદ્મશ્રી'નો ખિતાબ આપી બહુમાન કર્યું. આ મહામાનવનું તા. ૩૧-૧૨-૧૯૬૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરાદ નગરને ફિલ્ટરપાણી આપવાની પાલિકાની બેઠકમાં રજુઆત

### નગરપાલિકાની વર્તમાન બોડીની છેલ્લી સાધારણ સભા યોજાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શનિવારે થરાદ પાલિકાના વર્તમાન બોડીના નગરસેવકોની અંતિમ સામાન્યસભા નગરપાલિકા હોલમાં મળી હતી.જેમાં નગરને ફિલ્ટરપાણી આપવાની માંગણી કરવામાં આવી હતી.આ ઉપરાંત કામદારો માટે આનંદના સમાચાર એ હતા કે સરકારના પરિપત્ર મુજબ હંગામી સફાઈ કામદારોને કાયમી કરવાનો ઠરાવ કરાયો હતો.આ ઉપરાંત બાકીનાં વિકાસકામો સત્વરે પુર્ણ કરવા અને બીલોને બહાલી આપવામાં આવી હતી.

અવિશ્વાસની ઐતિહાસિક ઘટના ઉપરાંત એક સાથે પાંચ સદસ્યોને પક્ષાંતરધારા હેઠળ સસ્પેન્ડ જેવી અનેક રાજકીય ઉથલપાથલ ધરાવનાર થરાદ નગરપાલિકાની પાંચ વર્ષની વર્તમાન બોડીની અંતિમ બેઠક શનિવારે સવારે પાલિકાહોલમાં પ્રમુખ સુમિત્રાબેન દવે અને ચીફઓફીસરની અધ્યક્ષતામાં મળી હતી.જેમાં એજન્ડા મુજબ અગાઉની કાર્યવાહીને બહાલી આપ્યા બાદ બાકીનાં વિકાસકામો સત્વરે પુર્ણ કરાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. નગરના સફાઈ કામદારોના મહેકમ પૈકી પચાસ ટકાને સરકારના પરિપત્ર મુજબ કાયમી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.ભાજપના મહામંત્રી જેહાભાઇ હડીયલે બેઠકમાં આવતી ગ્રાંટોનો ઉપયોગ કરીને પણ નગરને દુષીતપાણીના બદલે ફીલ્ટર કરેલું પાણી તાકીદે આપવાની માંગણી કરી હતી.આ માટે સરકારમાં દરખાસ્ત મોકલવા પણ જણાવ્યું હતું.

જ્યારે પાલિકાના ટેક્ષ ઈન્સપેક્ટર હિરજીભાઇ પટેલને કામગીરીના બહાને ફરજમુક્ત કરવાનો ઠરાવ કરવામાં આવતાં વિરોધપક્ષના અજય ઓઝા અને જેહાભાઇ હડીયલ સહિત પાંચ સદસ્યોએ તેમ નહી કરવાની દલીલો કરતાં મુદ્દો પેન્ડીગ રાખવામાં આવ્યો હતો.તદુપરાંત પાલિકાના પીઢ કર્મચારી ઓખાભાઇ રાજપુતને સાતમા પગારપંચનો લાભ આપવાનો પણ ઠરાવ કરવામાં આવ્યો હતો.આ બેઠકમાં ૨૧ પૈકી પાંચ સસપેન્ડેડ સદસ્યો અને એક અન્ય મળીને છ અનુપસ્થિત રહેતાં પંદર સદસ્યો હાજર રહ્યા હતા.

# રાજયમંત્રી પરબતભાઇ પટેલ આસોદર ગામે શંભુગીરીદાદાના દર્શનાથે


શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

ગુજરાત રાજ્ય મો સતત છઠી વખત ભાજપની સરકાર નુ શાસન સ્થાપિત થયું છે ત્યારે રાજ્યના નવ નિયુક્ત રાજ્ય કક્ષાના સિંચાઇ, પાણી પૂરવઠા (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી પરબતભાઇ પટેલ શનિવાર ના રોજ આસોદર ગામની મુલાકાતે પહોંચ્યા હતા .જ્યો બાલિકાઓ દ્વારા સામૈયું અને પુષ્પોદ્વારા અને વંદે માતરમ તેમજ ભારતમાતાકી જય ના જયઘોષ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરબતભાઇ પટેલ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શંભુગીરીદાદાની જગ્યામો દર્શન કરી ધન્યતા અનુભવી હતી.જગ્યાના મહંતશ્રી રેવાપુરીજી બાપજી દ્વારા શ્રીફળ અને કુમકુમ તિલક કરી આશીર્વાદ આપ્યા હતા.આસોદર ગામના સરપંચ સગથાભાઈ પટેલ તેમજ માજી સરપંચ નાગજીભાઈ પટેલ અને પરખાભાઈ પટેલ તેમજ દરેક સમાજના લોકો દ્વારા રાજ્યમંત્રીનું સાફો તેમજ શાલ અને હારતોરા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજયમંત્રી શ્રી પરબતભાઇ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતુ કે પોતે મંત્રી બન્યા બાદ અંબાજી, ઢીમા તેમજ આજે આસોદરમો શ્રી શંભુગીરીદાદાના દર્શન કરી પોતાનું કાર્ય શરૂ કરશે.એટલું જ નહી આ જીત મારી નથી પણ સમગ્ર થરાદ પંથક ના સર્વે સમાજની છે.અને પ્રજાના પ્રશ્નો ને પણ સંતોષવા હું અને ભાજપની સરકાર હમેંશો પૂરેપૂરો પ્રયાસ કરશે તેવું જણાવ્યું હતું.

# કબીરપુરા નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના કબીરપુરા ગામથી મોકેશ્વર જવાના માર્ગ પર કોઈ અજાણ્યા વાહનનો ચાલક શનિવારના બપોરના સમયે બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જીને નાસી છુટ્યો હતો. જ્યારે બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહીતી અનુસાર કલીરપુરા ગામ નજીક આવેલા એક કોલ્ડ સ્ટોરેજમાં રમેશભાઈ પચાણભાઈ પટેલ ઉ.વર્ષ. આશરે ૨૧ રહે જેલાણા. તા.વાવ વાળા શનિવારના બપોરના સમયે કબીરપુરાથી મોકેશ્વર તરફ બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે મોકેશ્વર તરફથી આવી રહેલા કોઈ અજાણ્યા વાહનના ચાલકે બાઈકને ટક્કર મારતાં તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અજાણ્યા વાહનનો ચાલક ઘટના સ્થળેથી નાસી છુટ્યો હતો. આ અંગેની જાણ કબીરપુરા ગામે થતા ગામના યુવા સરપંચ જગદીશભાઈ ચૌધરી તથા ગામના લોકો ઘટના સ્થળે દોડી જઈને આ યુવકની લાશને વડગામ સી.એચ.સીપી.એમ અર્થે લાવી હતી. અને આ યુવકના સગા સબંધીઓ ને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે જ્યારે આ અંગે વડગામ પોલીસ મથકનો સંપર્ક કરતાં પોલીસ મથકના પી.એસ.ઓ કરણસિંહ ને જણાવ્યું હતું કે અકસ્માત થયો હોવાનું જાણવા મળેલ છે. પણ હજુ સુધી કોઈ ફરીયાદ મારી પાસે આવી નથી.

# ભૈરવી કલા અકાદમી ડીસા દ્વારા એ.આર.રહેમાન અને આર.ડી. બર્મનનાં ગીતોની રજુઆત

ડીસા

ડીસા માત્ર બટાકા નગરી કે વેપારની નગરી કે ડૉક્ટર્સ હબ નથી. તેનાથી વિશેષ સંગીત અને કલાના ઉપાસકોની નગરી છે. સાહિત્યકારો માટે સાધનાની ભૂમિ છે. ડૉ.અજયભાઈ જોશી અને તેમની ટીમ દ્વારા સંગીત ગુરુ આસુતોષભાઈ દવેના માર્ગદર્શન મુજબ ભૈરવી કલા અકાદમી ચલાવે છે. આ અકાદમી પાંચ વરસથી દર મહિને - બે મહિને ગીત- સંગીત સંધ્યાની ઉજવણી કરે છે.

આવી જ એક ગીત સંધ્યામાં આ વખતે મહાન સંગીતકાર એ.આર.રહેમાન અને આર.ડી.બર્મન સાહેબના ગાયેલા કે સંગીત મઢેલા ગીતોની રજુઆત થઈ હતી. ડૉ.અલકાબેન આચાર્યે આ થીમ ઉપર રજુઆત કરવા રસાળ શૈલીમાં એન્કરીંગ કર્યું. અરૂણભાઈએ ''રૂપ તેરા મસ્તાના'' ગીતની રજુઆત કરીને સમારોહની શરૂઆત કરી. ડૉ.ડીકેશભાઈ ગોહિલે- 'જોધા અકબર' ફિલ્મનું -કહેને કો જશ્ને બહારા હૈ. રજુ કર્યું. ડૉ.રાજનભાઈ મહેતાએ ''યે દિલ ન હોના બેચારા, તુષારભાઈએ- હૈ અપના દિલ તો આવારા... ડૉ. ભરતભાઈ શાહે -તું દિલકી ધડકન. રીનાબેન પટેલ અને ડૉ.અરવિંદભાઈ પરમારે ડ્યુઅલ ગીત - તેરે મેરે મિલન કી હૈ રૈના.. ડૉ.અમિતાબેન જોષીએ મેઘા છાયે આધી રાત... ડૉ.અજયભાઈ જોશીએ -ખીલતે હૈ ગુલ યહાં ખીલકે બિખરને કો... ધનંજયભાઈ ત્રિવેદીએ- તેરે મેરે સપને સબ એક રંગ હૈ... આરતીબેન જોશીએ- સૈયા દિલમેં આના રે.. અહિ ફિર ના જાનારે... ડૉ.બળવંત પંચાલે ખોયા ખોયા ચાંદ... જેવાં ગીતો હલકદાર શૈલીમાં રજુ કરીને શ્રોતાજનોની દાદ મેળવી હતી.

# આંતરરાષ્ટ્રીય જૂથો ભારતની પ્રગતિમાં રોડા નાંખી રહ્યા છે : અજય ઉમટ

**ડીસામાં યોજાયેલા વ્યાખ્યાનમાળામાં નવગુજરાત સમયના તંત્રી નું પ્રેરક પ્રવચન સાંપ્રત સમયમાં ભૂમિકા પર અજય ઉમટ નિખાલસતાથી વાતો કરી**


ભરત સુંદેશા

ડીસા

વર્તમાન સમયમાં ભારતની પ્રગતિને અવરોધવા અનેક પ્રકારના આંતરરાષ્ટ્રીય જૂથો દ્વારા લોબિંગ કરાવાઈ રહ્યું છે તેમજ ભારતને વિશ્વની મહાસત્તા તરફ આગળ વધતુ અટકાવવા કેવા કેવા ખેલ ખેલાઈ રહ્યા છે તે વિશે ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રના અગ્રણી અને નવગુજરાત સમયના તંત્રી તેમજ જાણીતા કટારલેખક, રાજકીય વિશ્લેષક અજય ઉમટે ડીસા ખાતે શ્રી સંસ્કાર મંડળ આયોજીત વ્યાખ્યાનમાળામાં સાંપ્રત સમયમાં પત્રકારત્વની ભૂમિકા વિષય પર બોલતા નિખાલસ પૂર્વક જણાવ્યું હતું.

ડીસામાં શ્રી સંસ્કાર મંડળ સંચાલિત આદર્શ વિદ્યા સંકુલ દ્વારા શ્રીમતી ચુનીબેહેન શાંતિલાલ કોઠારી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં અંતિમ દિવસે વકતા તરીકે નવગુજરાત સમયના તંત્રી અજય ઉમટ ઉપસ્થિત રહ્યાં હતા. ત્રિદિવસીય વ્યાખ્યાનમાળાના અંતિમ દિવસે અધ્યક્ષ તરીકે ડીસા કોલેજના આચાર્ય અમૃતભાઈ પટેલ, સંસ્કાર મંડળના ચેરમેન ડો અજય જોષી, સુરેશભાઈ કોઠારી સહિત મંડળના ટ્રસ્ટીઓ તેમજ શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે બોલતા અજય ઉમટે જણાવ્યું હતું કે,વર્તમાન સમય સોશ્યલ મિડિયાની સ્ટ્રેન્થ ખૂબ વધી છે.જેમાં તમામ માહિતી સાચી હોવાનું માનવું નહીં પણ તે અસરકારક માધ્યમ છે તે અંગે નું ઉદાહરણ નોબલ શાંતિ પારીતિષીક વિજેતા પાકિસ્તાની કિશોરી મલાલા યુસુફઝાઈ છે.મલાલા એ કેવી રીતે દુનિયા સમક્ષ સોશ્યલ મીડિયા દ્વારા પોતાની વાત દુનિયા સુધી પહોંચાડી અને જે રીતની ક્રાંતિ થઈ અને પાકિસ્તાનની સ્વાત ખીણમાં તાલિબાનોનું જંગલરાજ બહાર આવ્યો અને મુસ્લિમ કિશોરીઓને યુવતીઓને ભણવાની સમાન તક મળી જેના કારણે મલાલાને પણ શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ મળ્યું.

તેઓએ કયા સમૂહ માધ્યમને લોકો સુધી પહોંચતા કેટલા વર્ષ લાગ્યાં તેનું પણ સચોટ વિવરણ કરી જેમાં સોશ્યલ મીડિયા સૌથી ઝડપી રીતે લોકો સુધી પહોંચી ગયું છે તેનું ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. આ ઉપરાંત અજય ઉમટે ભારત સામે કેવા-કેવા પડકારો ચાલી રહ્યા છે તે અંગે પણ અભ્યાસપૂર્ણ માહિતી આપી હતી.તેમણે યુનાઈટેડ નેશન્સ ના મહામંત્રી પદ માટે પણ કેવા પ્રકારનું લોબિંગ ચાલે છે તે તેમના વ્યક્તિગત અનુભવ પરથી જણાવ્યું હતું.તેમણે દેશમાં આઝાદી પહેલાં, આઝાદી પછી તેમજ વર્તમાન સમયમાં મીડિયાની કેવા પ્રકારની ભૂમિકા રહી તેમજ મીડિયા સંસ્થાનો દ્વારા કેવી રીતે સત્તારૂઢ સરકાર અને વિપક્ષ સાથે કેવો વ્યવહાર ચલાવાય છે તે અંગે પણ શ્રોતાઓને રસપ્રદ માહિતી આપી હતી. અજય ઉમટે શ્રોતાઓ દ્વારા પૂછેલા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા.

# ૧૦૮ દ્વારા ક્રિશમશની ઉજવણી



ડીસા

સમગ્ર ગુજરાતમાં ક્યારે કોઈ પણ અકસ્માત સર્જાય છે તો તત્કાલ ૧૦૮ દ્વારા તેને સારવાર આપી નજીકના દવાખાને ખસેડવામાં આવતા હોય છે. ત્યારે ભીલડી અને દિયોદર સી.એચ.સી. ખાતે ૧૦૮ દ્વારા ક્રિસમસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં બાળકોને ચોકલેટ આપી ને વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી હતી.જે અંતર્ગત ૧૦૮ના ડિસ્ટ્રીકટ મેનેજર સતીશભાઈ કિરી વનરાજસિંઘ ડાભી સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહી ઉજવણીને સફળ બનાવી હતી.

# થરાદ કોલેજ ખાતે તમાકુ નિયંત્રણ અંગે કાર્યક્રમ યોજાયો



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

જીલ્લા તમાકુ નિયંત્રણ વિભાગ, રેફરલ હોસ્પિટલ, થરાદ દ્વારા સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, થરાદ ખાતે આજરોજ 'વ્યસન મુક્ત ભારત' અને 'વ્યસન એટ્લે વિનાશ' વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધામાં કોલેજના કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ૩ વિજેતાઓને કોલેજના આચાર્ય ડો.ભરતભાઈ કણઝરિયા સાહેબ તથા ડો. ભાણજીભાઈ ચૌધરી નાં હસ્તે ઈનામ આપવામા આવ્યાં હતાં તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામા આવ્યાં હતાં. નિર્ણાયક તરીકે ડો. ભાવિક પંચાસરાસાહેબે તથા પ્રા. વિનુભાઈ ભરવાડ સાહેબે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન તથા સંચાલન ડો. હિના બેન ભારદિયા એ કર્યું હતુ.

# ડીસા સાંઈબાબા મંદિર ખાતે પ્રાણિક હીલિંગ શિબિર યોજાઈ



ડીસા

ડીસા શહેરના સાંઈ મંદિર ખાતે ૨૫ ડીસેમ્બરે નાતાલના દિવસે પ્રાણીક હિલીંગ ઈશાન અને રેકીનો સ્વાસ્થ્ય જાગૃતિનો સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય આયોજન વિશાળ સોનગરા, વાસુદેવ વ્યાસ, જ્યોતિ ઠક્કર સહિતના વક્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિશ્વવ કલ્યાણ માટે ભારતની વિચારધારાના મુખ્ય આધારસ્તંભ સમાન યોગની ક્રિયાઓ તેમજ પ્રાણાયામ પર વિશેષ સમજ આપી હતી. સમાજ સંપુર્ણ સ્વસ્થ બને તે હેતુસર યોજાયેલ આ સેમીનારમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**ધોરણ ૧૦માં પ્રથમ દિવસે માતૃભાષાનું પેપર રહેશે**

# બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ......

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૮માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ આજે બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે.

**ધોરણ-૧૦ની પરીક્ષાનો કાર્યક્રમ**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| તા.૧૨-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | પ્રથમ ભાષા |
| તા.૧૪-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| તા.૧૬-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | સામાજિક વિજ્ઞાન |
| તા.૨૦-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | ગણિત |
| તા.૨૧-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | ગુજરાતી(દ્વિતીય ભાષા) |
| તા.૨૨-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | અંગ્રેજી(દ્વિતીય ભાષા) |
| તા.૨૩-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | દ્વિતીય ભાષા |

**ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| તા.૧૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | ભૌતિક વિજ્ઞાન |
| તા.૧૪-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | રસાયણ વિજ્ઞાન |
| તા.૧૬-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | ગણિત |
| તા.૧૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | પ્રથમભાષા, દ્વિતીય ભાષા, સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| | ૩થી ૫.૧૫ | કોમ્પ્યુટર એજયુકેશન |
| તા.૨૦-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | અંગ્રેજી(પ્રથમ અને દ્વિતીય ભાષા) |
| તા.૨૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | જીવ વિજ્ઞાન |

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો કાર્યક્રમ**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| તા.૧૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | નામાના મૂળ તત્વો |
| તા.૧૩-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | તત્વજ્ઞાન |
| તા.૧૪-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | આંકડાશાસ્ત્ર |
| તા.૧૫-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | ભૂગોળ |
| તા.૧૬-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | અર્થશાસ્ત્ર |
| તા.૧૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | વાણિજય વ્યવસ્થા |
| તા.૨૦-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | મનોવિજ્ઞાન |
| તા.૨૧-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | પ્રથમ ભાષા |
| તા.૨૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | હિન્દી દ્વિતીય ભાષા |
| તા.૨૩-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | ગુજરાતી-અંગ્રેજી(દ્વિતીય ભાષા) |
| તા.૨૪-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | કોમ્પ્યુટર પરિચય |
| તા.૨૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| તા.૨૮-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | સમાજશાસ્ત્ર |

# ચીમનગઢ વિનય વિદ્યા મંદિરમાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો


ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

કાંકરેજ તાલુકા આરોગ્ય કચેરી, શિહોરી તરફથી શ્રી વિનય વિદ્યામંદિર, ચીમનગઢ ખાતે તા. ૩૦/૧૨/૨૦૧૭ ના રોજ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંગે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ.

આ સ્પર્ધા દરમિયાન વિનય વિદ્યામંદિર ચીમનગઢના ૧૫૭ વિદ્યાર્થીઓ હાજર રહેલ. તેમાંથી ૩ વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ-૩ ઈનામો અને બાકીના વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ વિતરણ કરવામાં આવેલ અને શાળાના હાજર રહેલ. વિદ્યાર્થીઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ.

# જામકા (ગીર) મધ્યે ગીર ગૌદર્શનનું આયોજન

ડીસા

જળક્રાંતિ ટ્રસ્ટના પ્રણેતા ગૌપ્રેમી મનસુખભાઈ સુવાગીયાના નેતૃત્વમાં જામકા જિલ્લો જુનાગઢ મધ્યે પરસોતમભાઈ સીદપરાની વાડીમાં ગૌપ્રેમીઓના સંમેલનનું આયોજન તા. ૨૧/૦૧/૨૦૧૮ ના રોજ થયેલ છે. તેમાં ટ્રસ્ટ દ્વારા નિર્માણ થયેલ ચેકડેમોની મુલાકાત અને ગીરગયા માટેના વિશેષ કાર્યક્રમનું પણ આયોજન થયેલ છે. જેમાં નિરંજનભાઈ રાજગરુ રાજભા ગઢવી- નૂરમહંમદ સોઢા, માલદેભાઈ આહીર, વિક્રમભાઈ લાબડીયા, ભૂષણ પાઠક વગેરે ચેકડેમ- ગીરગાય- કૃષિદર્શન ઉપર સમજ અપાશે. કાર્યક્રમમાં જવા માટે તા. ૧૮/૦૧/૨૦૧૮ સુધીમાં મોબાઈલ નં. ૯૯૭૯૮ ૬૪૫૦૩ ઉપર નામ નોંધાવવું જરૂરી છે.

# ડીસા એસી.સી.ડબલ્યુ. હાઈસ્કૂલની ટીમ બેઝબોલ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ ચેમ્પીયન



ડીસા

ડીસા શહેરની સૌથી વધુ જુની અને પ્રતિષ્ઠિત એવી સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલની સીનીયર ભાઈઓની ટીમ ગુજરાત રાજ્ય સીનીયર બેઝબોલ એસોએશીન દ્વારા યોજાયેલ એલ.એચ.માળી આદર્શ હાઈસ્કૂલ, માલગઢ મુકામે યોજાયેલી રાજ્ય કક્ષાની બેઝબોલ સ્પર્ધામાં રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાંથી આવેલી ટીમોની સ્પર્ધામાં એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ, ડીસાની સીનીયર ભાઈઓની ટીમ રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. ડીસા તેમજ બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. જુનીયર અને સીનીયર ભાઈઓની સ્પર્ધામાંથી પસંદગી પામેલા ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જશે.

જે બદલ શાળાના આચાર્ય વી.કે. મોદી અને સમગ્ર શાળા પરિવારે શાળાના માર્ગદર્શક વ્યાયામ શિક્ષકો વસંતભાઈ.કે. પરમાર અને પીયુશભાઈ.એમ. જોષીને બિરદાવી શુભ-કામનાઓ પાઠવેલ.

## તંત્રી સ્થાનેથી ...

**અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.**

# હાઈકોર્ટ દ્વારા ફી નિયમન વિધેયકને મંજૂરી ... છતાં!!

ફી ભરવાના પ્રશ્ને વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે છેલ્લા કેટલાય દિવસોથી દંગલ ખેલાય છે. પરંતુ આ બાબતે સરકાર એક જ સિધ્ધાંત નક્કી કરી શકી નથી. જો કે ગુજરાતમાં ખાડે ગયેલા શિક્ષણ વિભાગથી સામાન્ય લોકો ત્રસ્ત થઈ ચુક્યા છે. તેમ છતાં હવે હાઈકોર્ટ દ્વારા ફી નિયમન વિધેયક પર મંજુરીની મહોર મારતા હવે વાલીઓમાં આનંદ વ્યક્ત થઈ રહ્યો છે. વાલીઓએ આ ચુકાદા બાદ હવે કોઈ પણ પ્રકારની ફી સ્કુલમાં નહિં ભરવાનો નિર્ણય લીધો છે. મોટાભાગના વાલીઓએ બે ક્વાર્ટરની ફી ભરી દીધી છે અને કેટલાક વાલીઓએ ત્રણ ક્વાર્ટરની ફી ભરી છે. જેથી હવે ચુકાદો આવ્યા બાદ બાકીના ક્વાર્ટરની ફી નહિં ભરવાનો નિર્ણય લેવાયો છે.

ઉપરાંત જ્યાં સુધી ફી કમિટી દ્વારા સ્કુલોની ફી નક્કી કરવામાં નહિં આવે તો ત્યાં સુધી કોઈ જ ફી નહિં ભરવાનું નક્કી કરાયું છે. ઉપરાંત વાલીમંડળનો સરકારની નક્કી કેમ કરતાં વધુ ફી ભરી હોય તેમની ફી ૩૦ દિવસમાં પરત આપવાની રહેશે, જાણમાં આવતી વિગતો અનુસાર ગુજરાત સરકાર દ્વારા વિધાનસભા બજેટ સત્ર દરમ્યાન ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. જેમાં ખાનગી પ્રાથમિક સ્કુલોની ફી ૧૫ હજાર, માધ્યમિક સ્કુલોની રૂા. ૨૫ હજાર અને ઉચ્ચતમ માધ્યમિક સ્કુલોની રૂા. ૨૭ હજાર ફી નક્કી કરવામાં આવી હતી. આ ફી ઉપરાંત વધુ ફી લેવા માંગતી સ્કુલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હતી. જેના પગલે અનેક સ્કુલ સંચાલકો કોર્ટમાં ગયા હતા અને ફી નક્કી કરવાની કાર્યવાહી વિલંબમાં પડી હતી. જ્યારે હવે હાઈકોર્ટ દ્વારા વાલીઓની તરફેણમાં ચુકાદો આવતાં ખાનગી શાળા સંચાલકોની અમુક મુશ્કેલીમાં વધારો થયો હોવાનું બહાર આવ્યું છે, જો કે તેઓ પણ આ બાબતે સરળતાથી છોડવા માંગતા નથી. હાલમાં હાઈકોર્ટનો ચુકાદો આવ્યો હોઈ ખાનગી શાળા સંચાલક મંડળના એસો. દ્વારા ચુકાદાનો નવેસરથી અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને લીગલ ઓપેનિયન લઈને આ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં જવાની તૈયારીઓ ચાલી રહી છે.

ઉપરાંત અન્ય પાસાઓની પણ છણાવટ શરૂ કરાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સરકાર દ્વારા બનાવવામાં આવેલા ફી નિયમન વિધેયકના અમલીકરણ સામે ખાનગી શાળા સંચાલકો હાઈકોર્ટમાં ગયા હતા અને લાંબી કાનૂની લડત ચાલી હતી અને આ લડતમાં વાલીઓનો વિજય થયો હતો અન હાઈકોર્ટે વાલીઓની તરફેણમાં ચુકાદો આપતાં ખાનગી શાળા સંચાલકોની મુશ્કેલીઓ વધી હતી, ઊંચી ફી વસુલતી સ્કુલોને આ નિર્ણયને લીધે મોટો ફટકો પડે તેમ હોઈ તેવો આ મુદ્દે લડી લેવાની તૈયારીમાં લાગી ગયા હોવાનું કહેવાય છે.

અત્રે નોંધવું ઘટે કે રાજ્યમાં આવેલી ખાનગી સ્કુલો પૈકી મોટાભાગની સ્કુલોની ફી તો સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી ... મુજબની જ છે. પરંતુ અમુક સ્કુલો એવી છે કે જેમની ફી નક્કી કરવામાં આવેલી કેમ કરતાં ખૂબ જ વધુ છે. સરકાર દ્વારા ફી નિયમન વિધેયક લાવતા આ સ્કુલોની ફીમાં મોટો ફટકો તેવી સ્થિતિ ઉભી થતાં તેમને સૌપ્રથમ હાઈકોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા. પરંતુ ત્યાં તેમને પછડાટ મળતાં હવે તેઓ આગામી દિવસોમાં સુપ્રિમ કોર્ટ સુધી જવાની તૈયારી કરી રહ્યા હોવાનું બહાર આવેલ છે.

# ગુસ્સો કરવાથી વહેલા મૃત્યુને આમંત્રણ મળે છે : સર્વે

આ કોઈ ફિલસૂફની નહીં, સ્વાસ્થ્ય-નિષ્ણાતોની સલાહ છે. વારેઘડીએ અને નાની-મોટી વાતે મગજનો પારો છટકતો હોય તો ગુસ્સા પર કાબૂ મેળવવો જરૂરી છે. એનાથી માત્ર શરીરને આડઅસર થાય છે એવું નથી. એને કારણે વહેલા મૃત્યુના સંજોગો ઊભા થાય છે. અમેરિકાની આયોવા સ્ટેટ યુનિવર્સિટીના અભ્યાસકર્તાઓએ વીસથી ૪૦ વર્ષના પુરૂષો પર પ્રયોગ કર્યો હતો. શાંત અને સ્વસ્થ મૂડ ધરાવતા લોકોની સરખામણીએ જે લોકો ગુસ્સા પર કાબૂ નથી રાખી શકતા એવા પુરૂષો ૩૫ વર્ષ પછી મૃત્યુ પામે એવી સંભાવના દોઢગણી વધુ હોવાનું નોંધાયું છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે અતિશય ગુસ્સો કરવાને કારણે શરીરમાં સ્ટ્રેસ ખૂબ પેદા થાય છે જે આંતરિક ટિશ્યુઝને ડેમેજ કરવાનું અને આંતરિક કાર્યપ્રણાલીને ખોરવવાનું કામ કરે છે. અતિશય ગુસ્સાને કારણે પેદા થતાં હોર્મોન્સથી શરીરના મૂળભૂત કોષોમાં પણ મ્યુટેશન થાય છે જેને કારણે પ્રાણઘાતક અને ક્રોનિક રોગો નાની ઉંમરે થાય છે. ગુસ્સાવાળા લોકોમાં અચાનક પેદા થતા રોગને કારણે મૃત્યુ થવાની સંભાવના વધુ હોય છે.

**<u>આત્મચિંતન</u>**

## દેવત્વનું અવલંબન

ક્ષણ ભંગુર શરીરની ચટાકડી ઈન્દ્રિયોને તુપ્ત કરવામાં દેવતાઓને દુર્લભ એવું માનવ જીવનને વ્યતિત કરી નાંખવું કોઈ બુદ્ધિમાનીની વાત નથી. સામાજીક કુરીતિઓના ખર્ચાના આડંબરોમાં પૂરા કરવા માટે જેમ તેમ કરની પૈસા ભેગા કરતાં રહેવું અને પછી તેને ફટાકડાની માફક ફૂંકી મારવું આ પણ દુરદર્શિતા છે..?ભગવાન કહે છે કે મારા પ્રિય પુત્રો તમે દેવ છો, દિવ્યાતાને વરણ કરો. પોતાના દ્રષ્ટિકોણને દિવ્ય બનાવો,શુદ્ધ બનાવો. જે બાળરમતોમાં કેટલાય અજ્ઞાની ફસાઈ જાય છે તેમાં તમે પણ ફસાઓ નહિ.અશુદ્ધ દ્રષ્ટિ અપનાવીને માત્ર મુર્ખ કે દ્રષ્ટ બની શકાય છે. ઈશ્વરે શરીર, બુદ્ધિ અને જીવન રૂપી બહુમૂલ્ય સંપતિ એટલા માટે આપી છે કે દૈવી ગતિવિધિઓને અપનાવીને સ્વર્ગીય આનંદ લઈ શકાય. તૃષ્ણા, ભોગ, અહંકાર, મોહ વગેરેના જંજાળોમાં ફસાઈને આ બહુમૂલ્ય શક્તિઓ અને સંપત્તિનો અપવ્યય કે દુર્વ્યય કરવો હંમેશા અયોગ્ય છે.આપણું જીવન દેવત્વથી પરિપૂર્ણ હોવું જોઈએ. આપણે પોતાની જાતને પ્રેમ કરીએ, પોતાની આત્માને પ્રેમ કરીએ.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
RNI No. : GUJGUJ / 2010 / 35414
Stock Market Trend
www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજાર જોખમી તબક્કામાં...!! ઉછાળે નફારૂપી વેચવાલી...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૦૧.૦૧.૨૦૧૮ થી ૦૫.૦૧.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

ગત સપ્તાહે કેલેન્ડર વર્ષ ૨૦૧૭ સતત વિક્રમી તેજીનું પૂરવાર થઈ ભારતીય શેરબજારોમાં નવો વિક્રમી ઊંચાઈનો ઈતિહાસ રચવામાં આવ્યો....એશિયાઈ સ્ટોક માર્કેટની મજબૂતીને પગલે સેન્સેક્સ અને નિફ્ટીએ ઓલ ટાઈમ હાઈના નવા લેવલ બતાવ્યા હતા પરંતુ એકતરફી તેજીને કારણે માર્કેટ હાઈપ્રાઈઝ પણ હતું જેથી દરેક ઉંચી સપાટીએ નફારૂપી વેચવાલી જોવા મળી...અને માર્કેટ ગબડ્યું હતું. જીએસટીમાં કલેક્શનની રકમ ઘટી છે તેમજ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં નાણાકીય ખાદ્ય ટાર્ગેટ કરતાં વધી છે. જે ગણતરીએ સરકારની ચિંતા વધી છે, તેની સાથે શેરબજારમાં પણ પ્રોફિટ બુકિંગ આવ્યું હતું. બેંક, ઓટોમોબાઈલ, એફએમસીજી, મેટલ, રીયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ, પાવર, કેપિટલ ગુડઝ, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના તમામ શેરોમાં જોરદાર વેચવાલી ફરી વળી હતી. જેથી સેન્સેક્સ અને નિફ્ટી ઓલ ટાઈમ હાઈ લેવલથી પાછા પડી માઈનસમાં જતાં રહ્યા હતા. મિત્રો, માર્કેટ હાઈપ્રાઈઝ છે, અને ઓવરબોટ પોઝિશનમાં છે, જેથી પ્રોફિટ બુકિંગ આવવું જરૂરી હતું. તેમજ ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ લીબિયામાં પાઈપલાઈન બ્લાસ્ટ થવાના પરિણામે વધીને બ્રેન્ટ ક્રુડ ૬૬ ડોલરની સપાટી કુદાવી અઢી વર્ષની ઊંચાઈએ પહોંચી જતાં ઈન્ડેક્સ બેઝડ બાદ ફંડો, ખેલંદાઓએ ઉછાળે સાવચેતીમાં ડિસેમ્બર વલણના અંત પૂર્વે હળવા થવાનું પસંદ કર્યું હતું. વર્ષાન્તે ફંડોની વેલ્યુએશન ગેમ પૂરી થઈ હોઈ ઈન્ડેક્સ બેઝડ વિક્રમી તેજીને અંતે વિરામ અપાયો હતો. ક્રિસમસ વેકેશન મૂડમાં વિદેશી ફંડો-એફઆઈઆઈ, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની પાંખી હાજરી બજારમાં વર્તાઈ હતી. વર્ષાંતે ફંડોએ પણ સેક્ટર પ્રમાણે ઊંચું વળતર અપાવી જતાં ઉદ્યોગોની કંપનીઓના શેરોમાં પ્રોફિટ બુકિંગ કરીને પોર્ટફોલિયોમાં નવા વર્ષ ૨૦૧૮માં સંભવિત સારી કામગીરીના અંદાજોએ ફેરબદલ કરવાનું શરૃ કરી પોર્ટફોલિયોમાં નવા શેરો પૈકી ફાર્મા શેરોમાં આકર્ષક વેલ્યુએશન અને સારા સમાચારોએ ખરીદી કરી હતી. જ્યારે ઓટોમોબાઈલ, બેંકિંગ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઈલ-ગેસ શેરોમાં પ્રોફિટ બુકિંગ કર્યું હતું.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૨૦૧૭ દરમિયાન ભારતના શેરબજારમાં વિદેશી રોકાણકારો કરતાં આશરે બમણું રોકાણ કર્યું છે. વિદેશી રોકાણકારોએ બજારમાં આશરે રૂ.૪૯,૦૦૦ કરોડ (બલ્ક ડીલ ખરીદી સહિત)નું રોકાણ કર્યું છે, જ્યારે મ્યુચ્યુઅલ ફંડ્સ અને વીમા કંપનીઓ સહિત ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોએ આશરે રૂ.૯૦,૮૦૦ કરોડના શેરો ખરીદ્યા હતા. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં તીવ્ર રોકાણપ્રવાહથી ઘરેલુ સંસ્થાઓના નાણાપ્રવાહમાં વધારો થયો છે. નાના રોકાણકારો સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) મારફત દરમિયાન આશરે રૂ.૫૦૦૦ કરોડનું રોકાણ કરે છે. શેરબજારમાં વિક્રમ તેજી ચાલુ હોવાથી નવા વર્ષે પણ આ ટ્રેન્ડ જળવાઈ રહેવાની ધારણા છે. બીજી તરફ બીજા રોકાણ માધ્યમમાં વળતર પણ ઘટી રહ્યું છે. ઈક્વિટ લાંબા ગાળાનો વિકલ્પ છે, કારણ કે રિયલ એસ્ટેટ અને ગોલ્ડ જેવી બીજી એસેટ ક્લાસમાં પીછેહટ જોવા મળી છે. બેન્ક ફિક્સ્ડ ડિપોઝિટમં નીચા વ્યાજદરથી વળતર ઘટ્યું છે. આ ટ્રેન્ડ આગામી સમયગાળામાં પણ ચાલુ રહેવાની ધારણા છે. છેલ્લા એક વર્ષ ઈક્વિટી મલ્ટિ કેપ ફંડ્સ ચાલુ વર્ષે આશરે ૪૧% વળતર મળ્યું છે, જ્યારે સેન્સેક્સમાં ૨૯%નો વધારો થયો છે. મોટા ભાગના ફિક્સ્ડ કે ફિક્સ્ડ ઈન્કમ પ્રોડક્ટ્સમાં આ સમયગાળામાં સરેરાશ ૫ થી ૭ % વળતર મળ્યું છે. આર્થિક નરમાઈ અને બ્લેક મની સામે સરકારની આકરી કાર્યવાહીથી એસેટ ક્લાસ તરીકે રિયલ એસ્ટેટના આકર્ષણમાં ઘટાડો થયો છે. શેરબજારમાં મજબૂત વળતરને કારણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં દર મહિને નવા રોકાણકારો આવી રહ્યા છે. હકીકતમાં નાના રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ્સ મારફત બજારમાં ડાયરેક્ટ રોકાણ કરી રહ્યા છે. જો કે આ અસાધારણ નાણાપ્રવાહ સાથે એવી પણ ચિંતા છે કે જો બજારમાં મોટું કરેક્શન આવશે તો આ નાણાપ્રવાહ ચાલુ રહેશે કે નહીં એ મહત્વની બાબત છે. ભારતના નાના રોકાણકારો ઈક્વિટીમાં રોકાણ કરી રહ્યા છે. વિશ્વના બીજા દેશોની સરખામણીમાં લોકો ભારતમાં ઓછું રોકાણ કરે છે.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ -૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૩,૫૧૪.૭૮ કરોડની વેચવાલી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૦૦૬.૬૧ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૬૮૧.૫૧ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, સેન્સેક્સ તથા નિફ્ટી હાલમાં વચગાળાના અપટ્રેન્ડમાં છે.નિફ્ટી ફ્યુચર અંદાજીત ૧૦૧૧૧ પોઈન્ટ ના નીચા મથાળે બોટમ બનાવીને ત્યાંથી ઊંચકાયા બાદ અપટ્રેન્ડની શરૂઆત થઈ હતી

સેન્સેક્સ તથા નિફ્ટીએ ફરી વચગાળાના ડાઉન ટ્રેન્ડમાં જવા માટે ૧૦૧૧૧ પોઈન્ટના બોટમને તોડીને નીચે જવું પડે જો કે આ ડાઉનટ્રેન્ડની ટ્રીગર લેવલ આગામી સમયગાળે જોવા ના પણ મળે.મિત્રો, હવે મોટાભાગના વૈશ્વિક બજારો વચગાળાના અપટ્રેન્ડમાં છે તથા મજબૂત વૈશ્વિક અપટ્રેન્ડ ચાલી રહ્યો છે.લાંબા ગાળાનો ટ્રેન્ડ બજારનો લાંબા ગાળાનો ટ્રેન્ડ મહત્વાકાંક્ષી છે. ટ્રેડિંગ તથા રોકાણની વ્યુહરચના જોઈએ તો હાલમાં હાથ પરનો પોર્ટફોલિયો જાળવી રાખવો જોઈએ

કેમ કે એ બાબતની શક્યતા ઘણી વધારે છે કે આપણે હાલમાં તેજીના બજારમાં છીએ. વધારે રોકાણ હવે પછીનું વચગાળાનો ડાઉનટ્રેન્ડ વિકસે તથા એક સપ્તાહ ચાલુ રહે પછી કરવું સારૂં રહેશે. નિફ્ટી ફ્યુચર અંદાજીત ૧૦૩૩૦ પોઈન્ટ ના નીચા મથાળે વધુ એક સ્ટ્રોંગ સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડરોએ આ સપોર્ટ ને લક્ષમાં લઈ ટ્રેડીંગ અભિગમ અપનાવવો.

ખેર હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 04.12.2017 TO 08.12.2017 | 10154.25 | 10167.75 | 10297.95 | 10052.65 | 10291.65 | 137.40 |
| 11.12.2017 TO 15.12.2017 | 10291.65 | 10317.90 | 10400.00 | 10163.30 | 10359.50 | 67.85 |
| 18.12.2017 TO 22.12.2017 | 10359.50 | 10201.25 | 10514.70 | 10060.00 | 10505.45 | 145.95 |
| 26.12.2017 TO 29.12.2017 | 10505.45 | 10506.05 | 10568.00 | 10474.10 | 10556.00 | 50.55 |




**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ ૧૦૫૦૬ પોઈન્ટ ખુલીને ૧૦૪૭૪ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૫૬૮ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૯૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૫૦ પોઈન્ટના ઉછાળે ૧૦૫૫૬ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ ૨૫૬૫૨ પોઈન્ટ ખુલીને ૨૫૪૦૪ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૭૫૫ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૩૫૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૮૧ પોઈન્ટના ઘટાડે ૨૫૫૮૫ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૫૫૭)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૫૮૭ પોઈન્ટથી ૧૦૬૦૬ પોઈન્ટ, ૧૦૬૪૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૬૪૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૫૮૫)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૪૬૪ પોઈન્ટથી ૨૫૩૬૦ પોઈન્ટ, ૨૫૨૫૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) **HDFC** લિમિટેડ ( ૧૭૧૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૬૯૦ ના પ્રથમ સપોર્ટથી ખરીદવા લાયક...!! હાઉસીંગ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૩૭ થી રૂ.૧૭૪૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) એશિયન પેઈન્ટસ ( ૧૧૬૭ ) :- આ સ્ટોક રૂ.૧૧૩૩ નો પ્રથમ તેમજ રૂ.૧૧૨૧ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૧૮૮ થી રૂ.૧૧૯૫ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) **HCL** ટેક્નોલૉજી ( ૮૯૮ ) :- ૭૦૦ શેર નું ફ્યુચર ધરાવતો આ સ્ટોક રૂ.૮૭૩ નો પ્રથમ તેમજ રૂ.૮૬૪ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૯૧૩ થી રૂ.૯૨૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) ડો. રેડી ( ૨૪૨૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૪૪૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૨૪૬૧ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૨૩૯૦ થી રૂ.૨૩૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૨૪૬૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૧૪૪૫ ) :- રૂ.૧૪૬૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૪૨૩ થી રૂ.૧૪૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૭૫ ઉપર તેજી તરફી ધ્યાન...!!

- ૬) ઈન્ડસિન્ડ બેન્ક ( ૧૬૪૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૬૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૭૫ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૬૨૭ થી રૂ.૧૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૬૮૧ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ( ૬૧૦ ) :- ગોદરેજ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૫૯૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૫૭૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૬૪૪ થી રૂ.૬૬૧ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૬૬૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) SV ગ્લોબલ મિલ ( ૧૩૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૪૨ થી રૂ.૧૪૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) ઈન્ડિયન બેન્ક ( ૩૭૮ ) :- રૂ.૩૬૪ નો પ્રથમ તેમજ રૂ.૩૫૪ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૯૩ થી રૂ.૪૦૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) અરવિંદ ( ૪૫૪ ) :- ટેક્ષટાઈલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૭૭ થી રૂ.૪૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૪૨૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) બિન્ની લિમિટેડ ( ૨૪૦ ) :- રૂ.૨૨૭ નો પ્રથમ તેમજ રૂ.૨૧૯ ના સ્ટોગ સપોર્ટથી ટેક્ષટાઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૬૪ થી રૂ.૨૭૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) બાલક્રિષ્ણા પેપર મિલ્સ ( ૧૧૯ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૧૨ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઇઝ રોકાણ રૂ.૧૩૩ થી રૂ.૧૪૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ભૂસણ સ્ટીલ ( ૭૦ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૬૪ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૭૮ થી રૂ.૮૫ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) રિલા કોમ્યુ. લિ ( ૩૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેલિકોમ સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૦ આસપાસ રોકાણકારે રૂ.૪૪ થી રૂ.૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૨૬ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) ઈન્ડસ્વીફ્ટ લેબ ( ૭૫ ) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઇઝ રૂ.૮૧ થી રૂ.૮૮ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) **DB** રિઆલિટી ( ૫૫ ) :- ડિલેવરીબેઇઝ રોકાણકારે રિઆલિટી સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૫૦ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૬૧ થી રૂ.૬૭ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) જ્યોતિ સ્ટ્રક્ચર ( ૧૨ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮ નો પ્રથમ તેમજ રૂ.૬ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૧૬ થી રૂ.૨૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) ટીના રબર ( ૪૮ ) :- રૂ.૪૪ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૫૨ થી રૂ.૬૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૩ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૩૭૩ થી ૧૦૬૦૬ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...



## કેપ્સુલ

પતિ પત્નીને ફોન પર કમ્પ્યુટર કેવી રીતે ચલાવવું તે સમજાવી રહ્યો હતો. પતિએ કહ્યું,'માય કમ્પ્યુટર પર કિલ્ક કર.' પત્નીએ કિલ્ક કરી.

પતિઃ 'ફોલ્ડર ખૂલ્યું ?'

પત્નીઃ'હા.'

પતિઃ 'હવે ઉપર જો, શું દેખાય છે ?'

પત્ની : 'પંખો.'

પતિઃ'લટકી જા સાલી, અભણ.'

૦૦૦૦

જોક્સ

એક છોકરીનું વોટ્સએપમાં સ્ટેટસ હતું, 'લગન તો હું એની સાથે જ કરીશ, જે મને જબરજસ્તી શોપિંગ કરવા લઈ જશે.'

૪૦ વર્ષની થઈ, હજુ કુંવારી છે.

૦૦૦૦

એક નેતા ભાષણ કરી રહ્યા હતા.. ઈમાનદારીથી વધુ સારી વસ્તુ આજે કોઈ નથી આપણે ત્યાં સુધી ઈમાનદાર રહેવું જોઈએ જ્યાં સુધી...

બેઈમાની કરવાની તક ન મળે... એક શ્રોતાએ વાકય પુરૂં કર્યું.

૦૦૦૦

મોટી ઉંમરના માણસને ચંદુએ પુછયું,બાળપણની તમારી એકેય ઈચ્છા પુરી થઈ છે ખરી ?

હા નાનો હતો ત્યારે મારી બા માથાના વાળ ખેંચતી હતી ત્યારે મને થતું હતું કે, મારા માથા ઉપર એકેય વાળ જ ન હોય તો સારૂં.. પેલા ભાઈએ ટાલ ઉપર હાથ ફેરવતાં જવાબ આપ્યો.

૦૦૦૦

## પત્નીની પરીક્ષાને નાપાસ હું

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

ઓફિસમાં હતો. કામમાં હતો. કામમાં મન લાગતું ન હતુ. ઘણાનું ઓફિસમાં મન લાગતું નથી. ટેબલ પર ઘણું કામ હોવા છતાં-પછી આધી પાછી કરવાનું મન થાય છે. ખુદના વિચારો કરતા પાડોશણના વિચારો પર ઉતરી જવાય છે. એ શું કરતી હશે.. બપોર વેળા ટીવીની ભંકસ સીરીયલો જોતી હશે કે પછી કપડા સૂકવવા ધાબે ચડી હશે. ધાબાની પાળી એક જ છે.-પણ ગેરહાજરી હોય તો-ઘણાને અર્થ વિનાના વિચારો આવે છે. અરે ઘણાને તો લમણે હાથ મૂકી એકાદ ઉંઘની ઝપ્પી ખેંચી લેવાનીય તક મળી જાય છે. એમાં મારો નંબર ખરો. એકાદ બે વાર ઝડપાઈ પણ ગયેલો ત્યારે સાહેબે સવાલ કરેલો-'બપોર વેળા એ લમણે હાથ મૂકો છો બારોટ -કંઈ છે કે શું ?..' સાહેબ સવાલ કરે અને આ ઘરડી થઈ ગયેલી લોકશાહીમાં છાના બેસાય ન હી, બોલર નબળો બોલ નાંખે ત્યારે પૂરો ફાયદો ઉઠાવીને સિક્સ મારવાની હોય.. ન મારે એ કાલિદાસ કરતાય વધુ મૂર્ખ કહેવાય.. જે-જે ડાળ પર બેઠો હોય એને જ કુહાડી વડે કાપી રહ્યો હોય.

જો કે મે પણ જવાબ આપેલો બપોર ટાણે એવું માથુ દુખે છે કે હાથને લમણે મૂકવો પડે છે..ઘણાને વળી ઝટપટ ભોજન કરી નાંખવાનીય ચટપટી હોય છે.

ને મારો ફોન રણક્યો.ગુજરાતીમાં એક સિરીયલ આવે છે જેમાં પત્નીનો ફોન આવતાં જ એનું પુરૂષનું મોં અતિ ખાટી પણ વાસી કઢી ફરજિયાત રીતે પીવડાવી દીધી હોય એવું થઈ જાય છે. મેં ફોનને થોડીકવાર વાગવા દીધો-એ આપો આપ બંધ થયો. ચંદક્ષણો પસાર થઈ હશે કે- પાછી ફોન વાગ્યો. મેં ઉઠાવ્યો જો ન ઉઠાવું તો સાંજે ઉડી ગયા જેવું ઘર બની જાય.

'જટ ઘેર આવો'

મેં સાંભળ્યું. પહેલા તો એકદમ ગભરાઈ જ ગયો મને થયુ. પાડોશણ ક્યાંક એકત્ર થઈ,હિંસક બનીને વહાલી રેણુ-આપણા ઘરમાં ઘૂસીને એમણે સર્જીકલ સ્ટ્રાઈક કરી છે કે શું ?-પણ પત્ની રેણુ નો સદાકાળ વાગતો સોસાયટીમાં ડંકો મને ખબર છે-યાદ છે. કોની માએ સવાસેર નહી બે કીલો સૂંઠના લાડવા ખાધા હોય તે બોલી શકે.

હું ઘણા સમય સુધી ફોન પર બોલ્યો નહી એટલે એણે પૂછ્યું -સૂઈ ગયા છો. ફોન ઓન કરીને?

'ને ભૈ ના'-મે કહ્યુ.

'ઘેર જલ્દી આવો.'

'પણ કેમ?'

'કારણે..ઓ બોલતા બોલતા જાણે ધીમી ગતિના સમાચાર આપી રહી હોય એ રીત મને લાગી રહ્યુ.

'બોલ ને ભૈ.' મે કહ્યુ.

'માળિયામાં કાળી બિલાડી ઘૂસી ગઈ છે એને ક્યાંથી કાઢવાની છે.'

-મેં સાંભળ્યુ.

બોલો, હવે માળિયામા ઘૂસી ગયેલી બિલાડી ઓને કાઢવા પતિદેવો એ રજા મૂકીને ઘેર જવું પડશે. લડતાં લડતાં ઘરમાં ઘૂસી ગયેલા બે ત્રણ કૂતરાઓને કાઢવા મિસ્ટરે ફટાફટ ઘેર જવું પડશે.

શું સ્થિતિ આવી છે! હું વિચારોના ગોટે ચડી ગયો. ક્ષણ બે ક્ષણ માટે જાણે હું પત્નીને જવાબ આપવાનું ભૂલી જ ગયો. જો કે હું એ પણ વિચરી રહ્યો હતો-હે વહાલી રેણુ વાઘ થઈને મને ડરાવનારી-ફફડાવનારી તું-એક મામૂલી એવી કાળી બિલાડીથી ડરી ગઈ ? ઈટ્સ કવાઈટ ઈમ પોસિબલ.. ઈમપોસીબલ.

'જલ્દી આવો.. જલ્દી આવો.'

પાછુ મે સાંભળ્યું.

આતો પ્રચંડ આગ લાગી હોય અને ફાયર બિગ્રેડ વાળા લાલ રંગના ખટારામાં પાણી ભરતા હોય-કે તોફાન થયુ હોય અને પોલીસને ફોન કરતા માસી મેણા થતા હોય ઘાટ મને લાગ્યો.

'શું કહો છો ?'

ત્યાં તો મેં કહ્યુ-'એમ અવળા હાથના લેખકની પત્ની થઈ કાળી બિલાડીથી ડરી જાય એ કેમ ચાલે.. તું તો જ્યારે જુસ્સામાં ગુસ્સામાં આવી જાય છે ત્યારે રાણી લક્ષ્મીબાઈના પણ બે ડગલા પાછા હટી જાય એવી સ્થિતિ થાય છે..'

'મજાક મૂકો. ફટાફટ આવો.

'અરે આવા નબળા કારણ મામલે મને મારો સાહેબ રજા ન આપે.. રજા માટે કોઈને ટપકાવી દેવો પડે.. તું તો વિચાર માળિયે બિલાડી ચડી ગઈ એમાં..**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો કીર્તિવાન નેતા બનાવે ?




**નામ રહંતા ઠાકરા નાણા નવ રહંતા કીર્તિ કેરા કોટડા પાડયા નવ પડંત**

આ પંક્તિ ઉપરના યોગ માટે સો ટકા બંધબેસતી છે. આવી વ્યક્તિ ધન, માન, મોભો તેમજ રાજકીય સત્તા ભોગવતી હોય છે. આવી વ્યક્તિને સામે ચાલીને અનેક પ્રકારના લાભો મળતા જોવા મળે છે. **કેવા ગ્રહો આવા યોગ બનાવે છે ?**

જે જાતકની જન્મકુંડળીમાં ગુરૂ પ્રથમ ભાવમાં ઉંચનો હોય અને શુક્ર પાંચમા ભાવમાં અથવા નવમા ભાવમાં હોય એમાં પણ જો નવમા ભાવમાં હોય, સોનામાં સુગંધ ભળે છે.

**દ્રષ્ટાંતકુંડળીઃ** અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં પ્રથમ ભાવમાં ગુરૂ ઉંચનો બને છે જે પંચ મહાપુરૂષમાંનો એક યોગ છે. તેમજ નવમા ભાવમાં શુક્ર પણ ઉંચનો છે જેની ઉપર ગુરૂની નવમી દ્રષ્ટી પડે છે. આ ઉપરાંત ચોથે તુલાનો શનિ પણ પંચ મહાપુરૂષમાંનો યોગ બનાવી રહ્યો છે તેમજ આમ આવી વ્યક્તિ ધન, માન, મોભો મેળવતા હોય છે.કદાચ એકાદગ્રહ અશુભ થતો હોય તો તે ગ્રહની શાંતિ કરાવવી અથવા સારા જયોતિષીની સલાહ લઈને રત્ન પહેરવો જોઈએ.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

## પ્રવેશોત્સવ કે પળોજણોનો ઉત્સવ ??

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

ગુજરાતી ભાષાના પ્રબુદ્ધ અને એકસીલન્સ પ્રતિભા ધરાવતા ડો.ગુણવંત શાહે એકવાર તેમની કોલમમાં લખ્યું હતું : નોકરી હોય ત્યારે થોડીક તાણ અને ઝાઝું કમઠાણ હોવાનું ઉપરાંત નોકરી કયારેય સ્વરાજયની આંગળીયાત ન બની શકે. નોકરી એટલે ઓશીયાળા સામ્રાજયની આળપંપાળ..ખરેખર આ શબ્દો આપણા શિક્ષણમાં પડેલા શિક્ષણકર્મીઓને ખુબ જ બંધબેસતા લાગુ પડે છે.. દેખ કબીરા..

એક અધિકારી મહીલા હતા. એકાદ નિશાળમાં પ્રવેશ સમયે જવાનું થયું.. ચીલાચાલુ કાર્યક્રમ પછી તેમણે શાળાની બે બહેનોને એક એક પ્રશ્ન કર્યો.. 'બહેન ગુજરાત રાજય સાથે કયો સાગર જોડાયેલો છે ? એ બહેને ધડાક દઈને ઉત્તર આપ્યો.. હિંદી મહાસાગર.. બીજા અધિકારી બોલ્યા, સરસ બહેન.. વર્ગખંડમાં કયારેય નકશા અંગે બાળકોને સમજાવો છો ? ત્યારે બીજા બહેને હાથ ઉંચો કરી જવાબ આપવાની કોશીશ કરી.. અરે સાહેબ આ નકશા વિશે જાણો છો તમે ? અમારા મુખ્ય શિક્ષકે લગભગ સાઠ જેટલા નકશાને તેના કવર સાથે બંધ કરી દોરી બાંધી પેલા ડેડસ્ટોક સામાન સાથે જકડી રાખ્યા છે.. એટલે અમે શું જોઈએ ? અધિકારી લાલઘુમ થઈ ગયા.. આવી દશા છે આ નિશાળોની ? અને આ શિક્ષણ કાર્યની ? દેખ કબીરા..

ગામના એસ.એમ.સી.ના મુખ્ય સુત્રધાર સરપંચ બોલી ઉઠયા...અરે સાહેબ આ શિક્ષકે સાઠ પાંસઠ હજારનો પગાર લેવામાં ઉંચા આવતા નથી.પછી નકશાની કયાં વાત કરવવી ? સરસ આમ આ રીતે પ્રવેશોત્સવનો પ્રથમ તબક્કો પુરો થયો.સમારંભમાં ગામના એક આગેવાન નિષ્ઠાવાન અને શિક્ષણપ્રેમી એના કાર્યકર બોલી ઉઠયા..અલ્યા આવા આ પ્રવેશોત્સવના ધાંધીયા આઝાદી પછીના અડસઠ વરસે પણ કયાં સુધી ચાલ્યા કરશે ? સરકારનું શિક્ષણ વિભાગ કયાં સુધી આવાં સમયશક્તિ અને નાણાંનો વ્યય કરશે ? દેખ કબીરા..

ગામના એક મહિલા કાર્યકર બહેન બોલી ઉઠયાં.. ભૈ આ બધા દેખાવના તાયફા છે.. આ બિચારી નિશાળની બહેનો આઠ દિવસથી ખડે પગે દોડધામ કરે છે તૈયારી કરે છે અને પ્રવેશોત્સવની પળોજણમાં બિચારી બહેનો ધરાઈને અનાજ પણ ખાઈ શકતી નથી. આવા ટેન્શનવાળો પ્રવેશોત્સવ ખરેખર હવે રદ કરવો જોઈએ. આવા ઉત્સવ પાછળ કેટલાય માનવ કલાકોનો બિનજરૂરી વ્યય થાય છે એ વ્યય કયાં સુધી ચલાવી લેવાય ? દેખ કબીરા..

અગડમ્ શિવલહેરી નામે મંદીરના પૂજારી બોલ્યા, આપણે ગામમાં ઠરાવ કરીને આવા પ્રવેશોત્સવના ધાંધીયાનો વિરોધ રજુ કરવો જોઈએ અને વિધાનસભામાં આ બાબતે રજુઆત કરવી જોઈએ.

હા તમારી વાત શિવલહેરી બાપુ સાચી છે. પણ આ બિલાડીના ગળે ઘંટ કોણ બાંધવા જશે ? મનસુખ મારવાડી બોલ્યો, દેખ કબીરા..આ બધી આવી બેફીજુલ ચર્ચાઓ કરવા આપણા ગુજરાતીઓ આરંભે શુરા જણાય છે અને અંતમાં પાવવી પાની કરતા જણાશે..

પ્રવેશોત્સવ આમ તો બાળકોનો હોય છે તેમાં વાલી અને ગામ આગેવાનોએ મળીને નિશાળના હેડમાસ્તરનો સંપર્ક કરી ઢોલ નગારા શાળાના ઝાંપા આગળ વગાડીને કરવો જોઈએ બાકી આવા બોગસ અધિકારી વર્ગની આળપંપાળ કરીને પ્રવેશ ન આપી શકાય.. હમણાં જેને માંનો ખોળો ખુંદવાનો મુકી દઈને પરાણે, ન છુટકે નિશાળ તરફ આવતાં દેકારો કરતા બાળકના માસુમ વર્તન માટે આ એક કઠુરાઘાત છે.. પરમેશ્વર બચાવે પ્રવેશોત્સવને..

**તા.૯-૬-૧૭**
**ડૉ. બી.પાટણવાડીયા (અમદાવાદ)**

# અંશિકા પાંડેએ હુમલાખોરનો મુકાબલો કર્યો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

સવારનો સમય છે. સૂરજના સોનેરી કિરણો ચારે તરફ ફેલાઈ રહ્યાં છે. પંખીઓનો કલરવ અને તે વચ્ચે ઉત્તર પ્રદેશના એક નાના ગામમાં લોકો જાગી જતાં પોત પોતાના કામે જવા ઉતાવળા થયેલા છે. દુધવાળા ભૈયાજી, છાંપાવાળા ફેરીયા નીકળી પડ્યા છે અને શાળાએ જતાં બાળકો પણ યુનિફોર્મમાં સજ્જ થઈ ખભે દફતર ટીંગાડી નીકળી પડ્યાં છે.

તે સમયે અંશિકા પાંડે પણ પોતાની સાયકલ લઈ સ્કૂલે જવા નીકળી હતી. ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૫ નો તે દિવસ હતો. શાળાએ જવા નીકળવામાં તેને સહેજ મોડું થઈ ગયું હતું. તેથી ઝડપભેર સાયકલ ચલાવતી ટ્રીન..ટ્રીન..ઘંટડી વગાડતી તે ઘરથી માંડ ૫૦૦ મીટરના અંતરે પહોંચી હશે ત્યાં એક એસયુવી કાર તેની નજીક આવી. કાર ચાલકે કાર ઉભી રાખી અને અંશિકાને ઉભા રહેવા ઈશારો કર્યો.

'શું છે ? ' અંશિકા એ પુછ્યું.

'અમે બહારથી આવીએ છીએ. જરા આ જગ્યા ક્યાં આવી તે બતાવીશ ? ' આગળ બેઠેલા ડ્રાયવરે કહ્યુ અને તેના હાથમાં કાગળમાં એક સરનામું લખેલ હતું તે બતાવવા લાગ્યો. અંશિકાએ સરનામું વાચ્યું અને જગ્યા બતાવવા લાગી. તો ડ્રાઈવરે કહ્યું કે મને સમજાતું નથી. તું જરા પાછળ બેઠેલા સાહેબને બતાવી દે.

તેથી અંશિકાએ પોતાની સાયકલ જરા પાછળ કરી અને સરનામું બતાવવા લાગી. તે વખતે કારનો પાછળનો દરવાજો ખોલીને બેઠેલા વ્યક્તિએ ઝપટ મારીને અંશિકાના બાલ પકડી લીધા અને તેને કારમાં ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યો. અંશિકાએ પોતાના પગ કારના દરવાજામાં ફસાવી દીધા જેથી તે બંધ થઈ ન શકે.

'અંકલ શું કરો છો ?' મને છોડી દો ? અંશિકાએ જોરથી ચીસ પાડીને કહ્યુ અને પોતાના વાળ છોડાવવા કોશીશ કરવા લાગી પરંતુ પેલા વ્યક્તિએ તેને જોરદાર રીતે જકડી લીધી.

'મને તું આગળથી પેલી બોટલ આપજે પેલા વ્યક્તિએ ડ્રાયવર પાસે બોટલમાંથી તેમાં કંઈક પ્રવાહી(મોટા ભાગે એસિડ) ભરેલુ હતું.

ડ્રાઈવરે બોટલ આપી એટલે તે તેના પર ચીડાયો 'ખોલીને આપતો'

'જી' કહેતાં ડ્રાઈવરે બોટલ ખોલી તેનું ઢાંકણ પોતાની પાસે રાખ્યું અને બોટલ પેલા વ્યક્તિને આપી. તેણે બોટલનું પ્રવાહી અંશિકાની આંખમાં નાંખવાનો પ્રયત્ન કર્યો.

'છોડો કહુ છું.' ને કહેતા અંશિકાના તેની પકડમાંથી છુટવાનો સતત પ્રયાસ કરવા લાગી. પણ પહેલવાન જેવા મજબુત અને સશક્ત માણસના હાથમાંથી છુટવું ન હતું. તેણે ખુબ તાકાત પૂર્વક તેને પકડેલી હતી. પણ અંશિકા ગમે તેમ કરી છુટવા માંગતી હતી. તેણે પેલા વ્યક્તિના હાથે બચકું ભર્યું. અંશિકાના તીક્ષ્ણ દાંત તેના હાથમાં બેસી જતાં તેણે ચીસ નાંખી. તે સાથે જ તેના હાથમાં રહેલી બોટલ ગાડીમાં નીચે પડી ગઈ.

તે સમયે અંશિકાની એક બહેનપણી ત્યાં આવી પહોંચી. તેણે અંશિકાને ગુંડા સામે ઝઝુમતાં જોઈ મદદ માટે બુમો પાડવા લાગી.

બચાવો બચાવો

આ જોઈ પોતે પકડાઈ જશે એમ લાગતાં પેલા ગુંડાએ અંશિકાના મોઢાં પર ચાકુથી વાર કર્યો. પણ અંશિકાને તેનો ખ્યાલ આવી જતાં તેણે ડાબો હાથ આગળ ધરી દીધો. જેથી તેના હાથ પર ઘા વાગ્યો. ચાકુથી ઈજા થતાં ઘા માંથી લોહી વહેવા લાગ્યું.

આ તરફ અંશિકાની બહેનપણી જતાં આવતાં વાહન ચાલકોને મદદ માટે રોકવાનો પ્રયત્ન કરતી હતી. તેથી આ જગ્યાએ વધુ રોકાવામાં ગુંડાને ભય લાગ્યો. તેણે બળ પૂર્વક દરવાજો બંધ કરવાનો બે ત્રણ વખત પ્રયાસ કર્યો પણ તેમાં સફળતા ન મળતાં છેવટે અંશિકાને ધક્કો મારી ગાડીની બહાર ફેંકી દીધી અને ભાગી ગયો.

ઘાયલ અંશિકા અને તેની બહેનપણીને જોઈ એક રિક્ષાવાળો ઉભો રહ્યો. તે તેમને દવાખાને લઈ ગયો. બહેનપણીએ અંશિકાના મમ્મી-પપ્પાને જાણ કરી એટલે તેઓ પણ આવી ગયા. દવાખાને પાટા-પીંડી અને સારવાર બાદ અંશિકા ઘેર આવી ગઈ.

'અંશિકા પાંડે કેમ હમણાંથી આવતી નથી.? ' શિક્ષકે તેની બહેનપણીને પુછ્યું. એટલે અંશિકાની બહેનપણીએ આખી વાત કરી. પ્રાર્થના સભામાં આ વાત થતાં શાળાના આચાર્ય અને બધા વિદ્યાર્થીઓ ને પણ આ ઘટનાની જાણ થઈ. અંશિકા શાળાએ આવતા શાળા પરિવાર તરફથી તેનું સન્માન કરવામાં આવ્યું. અંશિકાએ આ રીતે નિર્ભયતા પૂર્વક હુમલાખોરનો સામનો કર્યો અને અદભુત સાહસ તેમજ હિંમત પૂર્વક દ્રઢતા બતાવી તેની સૌ પ્રસંશા કરવા લાગ્યા.

ઉત્તર પ્રદેશની વતની હું અંશિકા પાંડે જે માંડ ચૌદ વર્ષ આઠમાસની ઉંમરની હતી. તેના આ બહાદુરી ભર્યા કામ માટે 'રાષ્ટ્રીયતા વીરતા પુરસ્કાર' એવી ભલામણ કરવામાં આવી જે સ્વીકારવામાં આવતાં રાષ્ટ્રીય બાલ કલ્યાણ પરિષદ નવી દિલ્હી દ્વારા તેને ૨૩ મી જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ દેશના પ્રધાનમંત્રીના હસ્તે 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' આપી સન્માનીત કરવામાં આવી.

અંશિકા પાંડેને અહીં દેશના જુદા જુદા ભાગોમાંથી આવેલાં તેનાં જેવાં જ બીજાં બહાદુર બાળકો સાથે રહેવાનો મોકો મળ્યો અને ૨૬ મી જાન્યુઆરીએ હાથીની અંબાડી પર બેસી રાજપથ પર પસાર થતાં અંશિકાના આનંદનો કોઈ પાર નહોતો.

**નટવર હેડાઉ**

## શાહીદને હાલમાં સફળતા મળી રહી નથી

કેટલીક શાનદાર ભૂમિકા કરી હોવા છતાં શાહીદ કપૂરને બોક્સ ઓફિસ ઉપર સફળતા મળી રહી નથી. છતાં તે વધુને વધુ ફિલ્મો કરી બોલિવુડમાં ટકી રહેવા માટે સજ્જ છે. શાહિદને તમામ નિર્માતા અને નિર્દેશક એક કુશળ અભિનેતા તરીકે ગણે છે. આ જ કરાણસર તેની પાસે મોટા બેનરની ફિલ્મો આવી રહી છે પરંત કમનસીબે તેને સફળતા મળી રહી નથી. જો કે તે હજુ મોટી ફિલ્મોને લઈને આશાવાદી છે. તેની હવે પદ્માવતિ ફિલ્મ રજૂ થનાર છે. જો કે આ ફિલ્મ હાલના પ્રવાહને જોતા સફળ થાય તેવી શક્યતા દેખાઈ રહી નથી. કારણ કે ફિલ્મને લઈને જોરદાર વિરોધ થઈ રહ્યો છે. શાહીદ કપૂરનું કહેવું છે કે કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સુપર હિટ થયા બાદ જ કલાકારને સફળ તરીકે ગણવામાં આવે છે. કોઈ ફિલ્મના બોક્સ ઓફિસ ઉપર પરિણામને જ માપદંડ તરીકે જોવામાં આવે છે. એક મોટી હિટ માટે સંઘર્ષ કરી રહેલા શાહીદે ૧૦ વર્ષની પોતાની કેરિયરમાં ૩૦થી વધુ ફિલ્મોમાં ભૂમિકા કરી છે જેમાંથી ત્રણ ફિલ્મો હિટ રહી છે જેમાં ઈશ્ક વિશ્ક (૨૦૦૩), વિવાહ (૨૦૦૬) અને જબ ભી મેટ (૨૦૦૭)નો સમાવેશ થાય છે. શાહીદ કપૂરની પ્રભુ દેવા સાથેની ફિલ્મ રાજકુમારને બોક્સ ઓફિસ પર સરેરાશ સફળતા મળી હતી પરંતુ આ ફિલ્મના કારણે પણ તેને મોટો ફાયદો થયો ન હતો. કારણ કે તેની નોંધ લેવાઈ નથી. ફિલ્મમાં તેની સાથે સોનાક્ષી હતી. શાહીદ કપૂર માને છે કે તે એવા લોકોની વાત સાથે સહમત છે કે એક અભિનેતા તરીકે તેને ઓછા કુશળ તરીકે ગણવામાં આવે છે. સુપર હિટ ફિલ્મો આપ્યા બાદ જ એક સારા કલાકાર તરીકે ગણવામાં આવે છે.

## કાશ્મીર સહિત દેશભરમાં ત્રાસવાદના કારણે પર્યટન ઉદ્યોગનો પડતો કરોડોનો ફટકો

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદને કારણે પર્યટન ઉદ્યોગને ભારે ફટકો પડયો છે ત્યારે હવે ત્રાસવાદીઓનો ડોળો ગુજરાતના, યાત્રાધામો પર પડે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. ગુજરાત અને મહારાષ્ટ્રમાં બાંગ્લાદેશી નાગરિકો અને પાકિસ્તાની નાગરિકોની વિશેષ પ્રમાણમાં હેરાફેરી જોવા મળે છે. ગુજરાતમાં ઓખા બંદરેથી ગત વર્ષે પંદર પાકિસ્તાની નાગરિકો ઝડપાયા હતા. દરિયાઈ માર્ગેથી આવતા આ લોકોને કોણ પ્રોત્સાહન પુરૂં પાડતું હશે તે એક તપાસનો વિષય કહી શકાય. વર્તમાન સંજોગોમાં દેશમાં પર્યટન ઉદ્યોગથી પ્રત્યેક રાજયમાં નાના મોટા ધંધાઓ ખીલી ઉઠયા છે. જેમ જમ્મુ કાશ્મીરમાં જોવાલાયક સ્થળો પર વિદેશીઓની ભારે ભીડ રહે છે. તે રીતે ગુજરાતમાં યાત્રાધામોના સ્થળો પર સહેલગાહે નિકળતાં યાત્રીકોથી પ્રત્યેક ધંધાનો વિકાસ થયો છે. પર્યટન ઉદ્યોગ દ્વારા બહારથી આવતા લોકોને તમામ પ્રકારની સુવિધા અને તેમની તમામ જરૂરીયાતો પૂર્ણ કરવામાં આવે છે છતાં દેશના ઘણા ખરા રાજયોમાં યાત્રાધામ સ્થળો પર કેટલીક અવ્યવસ્થાના કારણે બહારથી આવતા લોકોની અવર જવરમાં પહેલા જેવી ઝલક દેખાતી નથી.દેશના પ્રત્યેક યાત્રાધામોમાં સરકાર દ્વારા ઓછા દરે યાત્રિકો કે પર્યટકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવે તો સરકારને સારી એવી કમાણી મળી રહે. વર્તમાન સંજોગોમાં જોવા જઈએ, યાત્રાધામોમાં ચાલતા ગેસ્ટહાઉસોની અંદર રહેવા માટેની સગવડ હોય છે પરંતુ અતિશય ભાડુ લેવામાં આવતા સામાન્ય મધ્યમ વર્ગના લોકોને મોંઘાદાટ ગેસ્ટહાઉસોમાં રહેવું અશકય બને છે. વળી કેટલીક માત્રામાં સ્થળો પર ગુન્હાખોરી વધવા લાગી છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અનોખી પરંપરા નવજાત બાળકના સ્વાગતની

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

બાળકનો જન્મ થતાં જ પરિવારમાં વાતાવરણ સર્જાય છે.ઘરમાં આવનાર નવા સદસ્યનું સ્વાગત દરેક પરિવાર, જાતિમાં અલગ અલગ પરંપરાથી થાય છે. આપણા દેશમાં નવા જન્મેલા બાળકના સ્વાગતની વિવિધ રીતરીવાજ છે પરંતુ વિશ્વના અન્ય ભાગોમાં નવજાત બાળકના જન્મ સમયે વિવિધ પ્રકારે સેલીબ્રેટ કરવામાં આવે છે.સમકાલીન મિસ્ત્રમાં જીવન સાથે ૭ નો અંક જોડાયેલો છે. બાળકના અસ્તિત્વને આ દુનિયામાં જન્મ્યાના સાતમા દિવસે ઉજવવામાં આવે છે. જેને સેબુથ કહેવાય છે. એની પરંપરા પણ ઘણી જ દિલચશ્પ છે. માતા બાળકને સફેદ વસ્ત્રો પહેરાવીને મોટી ચારણીમાં બેસાડી દે છે ત્યાર બાદ તેને ધીરે ધીરે હલાવવામાં આવે છે એવું માનવામાં આવે છે કે આનાથી બાળકના જીવનમાં આવતાં ઉતાર ચઢાવની ખબર પડે ત્યાર પછી તે બાળકને કાળા કાબળા પર સુવાડીને તેની છાતી પર ચાકુ રાખવામાં આવે છે જેથી તે બુરાઈઓથી બચતો રહે. મહેમાનો બાળકની આજુબાજુ સોનુ, અનાજ અને બીજી ચીજો વિખેરે છે. માતા બાળકની બાજુમાંથી સાત પગલાં ચાલે છે. મંત્રોચ્ચાર થાય છે, રોશનીનો જલસો જોવા મળે છે. માં આગળ હોય છે અને ગીતો ગવાય છે. મહેમાનો હાથમાં ધુપબત્તી લઈને એક ઝુલુસ કાઢવામાં આવે છે. અલગ અલગ નામથી અનેક મિણબત્તીઓ પ્રગટાવવામાં આવે છે. જે મીણબત્તી સૌથી લાંબી ચાલે છે તે જ બાળકનું નામ રાખવામાં આવે છે.

જાપાનમાં પ્રથમ મુંડન ઉપર માતા પિતા બાળકના વાળ પોતાની પાસે રાખી મુકે છે અને કેટલાક માબાપ અનેના પ્રથમ જુતા પણ રાખી મુકે છે. જાપાનમાં મા બાળકની નાળને સંભાળીને રાખે છે. હોસ્પિટલમાં ડોકટરો દ્વારા એને લાકડીની પેટીમાં પેક કરીને માતાના જવાના સમયે આપવામાં આવે છે. લાકડાની પેટી પર જાપાનની પરંપરાગત ડ્રેસ કીમોનો પહેરેલ ઢીંગલી ભેટ આપવામાં આવે છે. કીમોનોને ખોલવામાં આવે એટલે એમાંથી બાળકની નાળ નીકળે છે. જન્મના પ્રથમ સપ્તાહ પછી બાળકનું નામકરણ કરવામાં આવે છે જેને ઓશિચીયા કહે છે. બાળકનું નામ બૌદ્ધ વેદીની સામે પાડવામાં આવે છે.

ફીનલેન્ડમાં સરકાર દ્વારા દરેક નવજાતને માતૃત્વ પેકેજ આપવામાં આવે છે. આપણે ત્યાં કહેવત છે કે દરેક બાળક પોતાનું ભાગ્ય લઈને જન્મે છે **.અનુસંધાન પાના નં.૬ ઉપર**

**વાવ તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કાર્યક્રમની શરૂઆતમાં ડો. વી.ટી.પટેલે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, થરાદની વિવિધ પ્રવૃત્તિઓ અંગેની ખેડૂતોને જાણકારી આપેલ. તેમજ કેવીકે દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું ખેડૂતોને વધુમાં વધુ લાભ લેવા જણાવેલ.

ત્યારબાદ ડો. સી.કે.દેસાઈએ જીરાની આધુનિક ખેતી પધ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપીને જીરામાં ખેતી ખર્ચમાં ઘટાડો કરી વધારે ઉત્પાદન મેળવવાના ચાવીરૂપ પગલાઓ જણાવેલ. ડો. એફ.કે.ચૌધરીએ જીરામાં આવતા રોગ અને જીવાતના વ્યવસ્થાપન વિશે માર્ગદર્શન આપેલ. પી.એચ.રબારી દવાના છંટકાવમાં રાખવી પડતી કાળજીઓ વિશે વિગતવાર જણાવેલ.

ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. કે.એ.ઠક્કર આજના આ ટેકનોલોજીના યુગમાં ખેતીમાં આધુનિકતા લાવવા માટે ખેતીની નવીન ટેકનોલોજી ખેડૂતો અપનાવે અને કૃષિ યુનિવર્સિટીનો ખેડૂતોને વધુમાં વધુ લાભ લેવા જણાવેલ. આ ઉપરાંત તેમને પાણી અને જમીનની યોગ્ય જાળવણી અને કાર્યક્ષમ ઉપયોગ કરવા ખેડૂતોને જણાવેલ. ખેડૂતો તરફથી પુછાયેલ પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા સ્થળ પર નિરાકરણ માર્ગદર્શન આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુખ્ય વૈજ્ઞાનિક અને વડા, ડો. વી.ટી.પટેલે હાજર રહેલ તજજ્ઞો અને ખેડૂતોનો આભાર વ્યક્ત કરેલ.

**કોતરવાડાથી જાડા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને ગઈકાલે ફરીથી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને રજુઆત કરી ચીમકી આપેલ છે કે ૧૫ દિવસમાં આ રસ્તાનું કામ ચાલુ કરવામાં નહિં આવે તે ૧૫ દિવસ પછી આ રસ્તા માટે આજુબાજુના તમામ ગામોના લોકોને સાથે લઈ રસ્તો બનાવવાની માંગણીને ઉગ્ર બનાવવામાં આવશે અને ૨૦ દિવસ પછી કોન્ટ્રાક્ટરના વાહન અને કામને પણ રોકી દેવામાં આવશે અને આવનારી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોતરવાડા જિલ્લા પંચાયતના લોકો ભાજપ અને સરકાર વિરૂધ્ધમાં મતદાન કરી આજ સુધી પડેલી મુશ્કેલીઓનો જવાબ આપશે...

**ડીસાની ઓળખ ...**

**પાના નં.૮ ચાલુ**

આપવા છતાં કોઈજ ખેડૂતો બટાટા લઈ જવા તૈયાર નથી.કારણ કે સ્ટોરેજ માં મુકેલ બટાટા નું ભાડું પણ આપી શકે તેટલા રૂપિયા પણ ઉપજતા નથી જેથી ના છૂટકે વેપારીઓ સ્ટોરેજ માં મુકેલ આ બટાટા જાહેર માં ફેંકી નિકાલ કરી રહ્યા છે . સ્ટોરેજ માં મુકેલ બટાટા ના નિકાલ બાદ જ નવા બટાટા સ્ટોર થઈ શકે ...સતત છેલ્લા ત્રણ વર્ષ થી બટાટા ના ભાવો ના મળતા ખેડૂતો બેહાલ બની ગયા છે આ વર્ષે પણ બટાટા નું ઉત્પાદન વધારે થયું છે અને હાલમાં જે પ્રમાણે ભાવ તે જોતા ખેડૂતો અત્યારથી જ ચિંતામાં છે ત્યારે સરકાર બટાટા ખેડૂતો ને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

આગાઉ ના મુખ્યમંત્રી તરીકે જયારે નરેન્દ્રભાઈ મોદી હતા તેમને ડીસા ની જાહેરસભા માં બટાટા સોના અને તોલાના ભાવે વેચાશે તેવું વચન આપ્યું હતું પરંતુ આજે આ બટાટા કથીર સમાન થઈ ગયા છે ત્યારે હવે નવા બટાટા સરકાર ટેકા ભાવે ખરીદી કરે તેવી માંગ છે ત્યારે સરકાર શુ કરે છે તે જોવાનું રહ્યું..

**ડીસામાં સામાન્ય ...**

**પાના નં.૮ ચાલુ**

કોઈ જલદ પ્રવાહી છાંટી સળગાવી મૂક્યું હતું અને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. જે અંગે રવિન્દ્રસિંહે ત્રણેય શખ્સો સામે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**ખેડૂતો અને પ્રજાના...**

**પાના નં.૮ ચાલુ**

ઈસુભા વાઘેલા, તેજાજી સોની, રાયમલભાઈ પટેલ, અચરતલાલ ઠક્કર, અમરતભાઈ દોશી, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગીરીષભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, હંસપુરી, નીરંજન મકવાણા, રમેશભાઈ વાયડા, બાબુભાઈ પટેલ, જેણુભા વાઘેલા, હર્ષદભાઈ ઠઠક્કર, શક્તિસિંહ ઝાલા, રમેશભાઈ દવે, અણદૂભા ડાભી, વિજુભા વાઘેલા, અરવિંદભાઈ ઠક્કર, ગોપાલ રાજુભાઈ ઠક્કર વગેરે હાજર રહ્યા હતા.

## નરેન્દ્ર મોદીના સમર્થકોને મોટો ફટકો પડ્યો

# તોગડિયા વિહિપના ફરીવાર કારોબારી અધ્યક્ષ બન્યા

નવીદિલ્હી

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના સમર્થકોએ જીતી લેવામાં સફળતા મેળવી છે પરંતુ ભુવનેશ્વરમાં ઘટનાક્રમ તેમની તરફેણમાં રહ્યું નથી. વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષપદથી પ્રવિણ તોગડિયાને બહાર કરવાના પ્રયાસોને ફટકો પડ્યો છે. પ્રવિણ તોગડિયા ફરી એકવાર વિશ્વ હિન્દુ પરિષદના કારોબારી અધ્યક્ષ બની ગયા છે. મોદી અને તોડગિયા વચ્ચે છેલ્લા ઘણા સમયથી સંબંધો સારા રહ્યા નથી. તોગડિયા અનેક પ્રસંગોએ મોદી અન તેમના સમર્થકોને નારાજ કરે તેવા નિવેદનો કરી ચુક્યા છે. વિશ્વ હિન્દુ પરિષદની ભુવનેશ્વરમાં ત્રણ દિવસની રાષ્ટ્રીય બેઠક ચાલી રહી હતી. આ બેઠકમાં શુક્રવારના દિવસે અધ્યક્ષ અને કારોબારી અધ્યક્ષ અંગે નિર્ણય થવાનો હતો. વર્તમાન અધ્યક્ષ રાઘવ રેડ્ડી અને કારોબારી અધ્યક્ષ પ્રવિણ તોગડિયાની અવધિ ખતમ થઈ રહી હતી. નવા અધ્યક્ષને લઈને નિર્ણય લેનાર હતો. સંઘ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ મોદી સમર્થક ટુકડી ઈચ્છતી હતી કે, પ્રવિણ તોગડિયાને ફરી વિહિપના કારોબારી પ્રમુખ બનાવવામાં ન આવે. આ સંબંધમાં ૧૩મી ડિસેમ્બરના દિવસે સંઘના કેટલાક સિનિયર હોદ્દેદારોની દિલ્હીમાં બેઠક થઈ હતી. સંઘના હોદ્દેદારોની આ બેઠકમાં કેટલીક મહત્વની ચર્ચાઓ થઈ હતી. આ બેઠક અંગે પણ મોદીને માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં નિર્ણયો મોદીની સહમતિ સાથે લેવામાં આવ્યા હતા. તોગડિયાને વિહિપના અધ્યક્ષપદેથી દૂર કરવા માટે બે નામ નક્કી કરવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં શુક્રવારના દિવસે વિહિપની બેઠક થઈ હતી. જે નામ હતા તેમાં જસ્ટિસ વીએસ કોગજે અને બીજુ નામ જગન્નાથ સાહીનું હતું. વોટિંગ સુધી મામલો ગયો હતો. તે વખતે તોગડિયા સમર્થકોએ મજબૂતી દર્શાવી હતી.

# રંગારંગ કાર્યક્રમો વચ્ચે આજે કાંકરિયા કાર્નિવલનું સમાપન

અમદાવાદ

કાંકરિયા કાર્નિવલને લઈને છેલ્લા કેટલાક દિવસથી ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આવતીકાલે ટોપના નેતાઓની ઉપસ્થિતિમાં આની પૂર્ણાહુતિ થનાર છે. જુદા જુદા રંગારંગ કાર્યક્રમોનું આયોજન પણ છેલ્લા કેટલાક દિવસથી કરવામાં આવી રહ્યું હતું. આવતીકાલે પુર્ણાહૂતિ વેળા સરકારના ટોપ નેતાઓ ઉપસ્થિત રહેશે. આ અંગે મળતી વિગતો અનુસાર,શહેરના દક્ષિણઝોનમાં આવેલા ઐતિહાસિક એવા કાંકરિયા તળાવના કિનારે સાત દિવસ માટે ચાલનારા કાર્નિવલના રંગારંગ કાર્યક્રમનો રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિધીવત આરંભ કરાવવામાં આવ્યો હતો.તે સમયે કાંકરીયા ખાતે પહેલા દિવસે જ જનમેદની ઉમટી પડી હતી. હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે સમયે રાજયના મુખ્યમંત્રી હતા.તે સમયે વર્ષ-૨૦૦૮ના વર્ષથી કાંકરીયા લેક ખાતે ૨૫થી ૩૧ ડીસેમ્બર સુધી સાત દિવસ સુધી કાર્નિવલનો આરંભ કરવામાં આવ્યો હતો.આ વર્ષે પણ વિવિધ કલાકારો દ્વારા અને સંસ્થાઓ દ્વારા લોકોને મનોરંજન પુરુ પાડવામાં આવ્યું હતું. સાથે કેટલીક લોક ઉપયોગી પ્રવૃત્તિ સાથેના પણ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ અને વિવિધ વાનગીઓને આવરી લેતા ફૂડ ફેસ્ટીવલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્નિવલ દરમ્યાન નાણાંની ચુકવણી અને જરૂરીયાતને પહોંચી વળવા જુદી જુદી બેંકો દ્વારા મોબાઈલ એટ-ીએમ, અનેક પોઈન્ટ ઓફ સેલ મશીન, સાથે ક્રેડીટ કાર્ડ, ડેબીટકા-ર્ડ, પ્રિપેઈડ કાર્ડ તથા ઈ-વોલેટ(પેટીએમ,ફ્રી-ચાર્જ વગેરે દ્વારા નાણાં સ્વીકારવા માટે વીસ જેટલા સ્થળોએ સુવિધા ઉભી કરવામાં આવી હતી.દર વર્ષે લગભગ ૨૫ લાખ લોકો આ કાર્નિવલની મુલાકાત લેતા હોય છે.આવતીકાલે વર્ષનો અંતિમ દિવસ હોઈ કાર્નિવલની પૂર્ણાહૂતિ થનાર છે. આ વખતે કાંકરિયા કાર્નિવલમાં લોકપ્રિયક ગાયક કિંજલ દવે સહિતના કલાકારોએ પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત નવા આકર્ષણ ઉમેરાયા હતા જેમાં નોક્ટરનલ ઝુ તમામ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.

# પૂરતા ભોજન,સૂર્યના અપૂરતા કિરણોથી વિટામીન-ડિની અછત ઊભી થાય છે

વિટામિન-ડીની અછત એક સામાન્ય સમસ્યા છે. પરંતુ મોટા ભાગના લોકો આ મામલે પુરતી માહિતી ધરાવતા નથી. વિટામિન-ડીની અછતના લક્ષણ સામાન્ય રીતે ખુબ મોડેથી જાણવા મળે છે. વિટામિટ-ડીની અછત થવા માટે કેટલાક કારણો જવાબદાર હોય છે. જે પૈકી એક કારણ અપુરતા ભોજનનું પણ છે. આ ઉપરાત સુર્યના અપુરતા કિરણો પણ છે. મહિલાઓમાં આધુનિક સમયમાં તાપમાં નિકળતી વેળા સ્કાર્ફ, કોટ અને સનસ્ક્રીન લોસન લગાડવાનો ક્રેઝ જોવા મળે છે. આ ઉપરાંત ઓફિસમાં એસી રૂમમાં બેસીને કલાકો સુદી કામ કરવાનો ક્રેઝ પણ વધ્યો છે. આ તમામ કારણોસર મહિલાઓ અને પુરૂષોમાં વિટામિન-ડીની અછત જોવા મળે છે. જેથી દિવસભરમાં કોઈ સમય તાપમાં રહેવાની સલાહ નિષ્ણાંતો આપે છે. થોડાક સમય સુધી તાપમાં રહેવાથી વિટામિન-ડીની અછત કેટલીક હદ સુધી ઓછી થાય છે.

વિટામિન-ડી કેટલાક ખાદ્ય ચીજવસ્તુઓમાં પણ ઉપલબ્ધ છે. જેમાં ઈન્ડા. ફિશ ઓઈલ અને ડેરી પેદાશોનો સમાવેશ થાય છે. નોન વેજિટેરિયન લોકો માટે આ પુરતા સ્ત્રોત તરીકે છે. પરંતુ વેજિટેરિયન લોકો પણ વિટામિન-ડી મિશ્રિત ભોજન લેવાથી આ અછતને દુર કરી શકે છે. શિશુ માટે માતાને દુધને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પરંતુ આમાં વિટામિન-ડી પુરતા પ્રમાણમાં નહી હોવાના કારણે કેટલીક સલાહ આપવામાં આવી છે. બાળકો અને નવજાત શિશુને વિટામિન ડી મિશ્રિત દુધ આપવામાં આવે તે જરૂરી છે. વિટામીન ડી માટેના ટેસ્ટ મુખ્ય રીતે ૨૫ હાઈડ્રોક્સી વિટામીન ડીના રીતે કરવામાં આવે છે. જોકે, વિટામીન ડીની ચકાસણી બીજી રીતે પણ કરવામાં આવે છે. આના માટે લોહી લેવામાં આવે છે.

# ભોજનમાં તજનો ઉમેરો કરવાથી શરીરમાં રહેલી ચરબીને નષ્ટ કરે છે : અભ્યાસ

શરીરમાંથી વધારાની ચરબી ઘટાડવા માટે તજનો ટુકડો ચૂસ્તા રહેવું જોઈએ એવું ભારતના પૌરાણિક ગ્રંથોમાં કહેવાયું છે. જોકે આ જ વાત તાજેતરમાં અમેરિકાની યુનિવર્સિટી ઓફ મિશિગનના રિસર્ચરોએ તારવી છે. તજમાં રહેલું ખાસ ઉડ્ડયનશીલ ઘટક શરીરમાં ભરાઈ રહેલા ચરબીના કોષોને બર્ન કરવા માટે પ્રેરે છે. સિનેમાલ્ડિહાઈડ તરીકે જાણીતું અસેશ્યિલ ઓઈલ તજમાં હોય છે કે એને વિશિષ્ટ ફ્લેવર આપે છે. આ ઓઈલ મેટાબોલિઝમમાં બદલાવ લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

એડિપોસાઈટ્સ તરીકે ઓળખાતા શરીરમાં ભરાઈ રહેલા ચરબીના કોષોને બર્ન કરીને શરીરમાં ગરમી પેદા કરવાનું કામ તજ કરે છે. મેટાબોલિઝમ નામની જર્નલમાં છપાયેલા અભ્યાસ મુજબ તજની હાજરીથી શરીરમાં મેટાબોલિઝમમાં મહત્વનો ભાગ ભજવતા બે પ્રોટીન પેદા થાય છે. શરીરમાં નોર્મલી વધારાની એનર્જી ચરબીરૂપે સંઘરાતી હોય છે. તજ આ ચરબીના કોષોને એનર્જીમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયાની પહેલ કરે છે. મોટાપાની સમસ્યા વકરી રહી છે ત્યારે ભરાયેલી ચરબી બળે એ માટે તજનો ઉપયોગ ખોરાકમાં કરવાથી ચોક્કસપણે ફાયદો થઈ શકે છે.

**દ્રષ્ટીકોણ..**

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

વિદેશી દારૂનું વેચાણ પણ થતું હોય છે. યાત્રાધામોમાં દારૂના દુષણને કાયમી માટે બંધ કરવામાં આવે તે જરૂરી છે. જોકે સ્થાનિક સત્તાધીશો અને દારૂના ધંધાર્થીઓની મીલી ભગતના કારણે દારૂના દુષણને બંધ કરાવવું મુશ્કેલ છે. જોકે કાશી, મથુરા, શ્રીનાથજી અને હરદ્વારમાં તેમજ વિરપુરમાં મુખ્ય મંદિર ટ્રસ્ટ દ્વારા જે ધર્મશાળાઓનું નિર્માણ થયું છે ત્યાં રહેવાની સારામાં સારી સુવિધા હોવાથી સામાન્ય લોકોને રાહત થાય છે. હરદ્વારમાં ૫૦૦ થી વધુ મંદિરો આવેલા છે અને તેમાંય કચ્છી દાનવીરો દ્વારા મંદિર ટ્રસ્ટને બનાવવામાં આવેલી ધર્મશાળાઓમાં તો વિનામૂલ્યે રહેવાની સગવડ મળે છે. એક અઠવાડીયું કોઈ પરિવારને ત્યાં રહેવું હોય તો આરામથી રહી શકે છે અને ત્યાંથી નીકળતી વખતે ઈચ્છા પ્રમાણે ત્યાંની દાનપેટીમાં રૂપિયા નાંખી શકે છે. ત્યાં કેટલાક મંદિર ટ્રસ્ટીઓ દ્વારા વાહનની પણ સગવડતા કરી આપવામાં આવે છે.

જોકે ગુજરાતમાં યાત્રાધામોના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે પરંતુ તે ગ્રાન્ટોનો કયાં કેટલો ઉપયોગ કરવામાં આવ્યો તે બાબતે સરકારે તપાસ ચલાવરાવવી જોઈએ. સામાન્ય લોકોને ઓછા દરે ભાડામાં રાહતની વ્યવસ્થા કરવામાં આવે તો પર્યટન ઉદ્યોગથી સરકારને સારી એવી આવક થઈ શકી તેમ છે. ઉત્તરાખંડમાં ગત વર્ષે ભારે વરસાદના પરિણામે સંખ્યાબંધ યાત્રિકોને સહન કરવું પડયું હતું. જમીન ધસી પડવાના બનાવોમાં ગુજરાતના ૧૩ જણા દટાઈ મર્યા હતા. જોકે સરકારે મૃતકોને ત્વરીત સહાયની વ્યવસ્થા કરી આપી હતી. વર્તમાન સંજોગોમાં તમીલનાડુ અને કર્ણાટકમાં નવા પર્યટન સબ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. ત્યાંથી યાત્રિકોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.ગત વર્ષે કર્ણાટક સરકારને પર્યટન ઉદ્યોગથી તેર કરોડનો ફાયદો થયો હતો. સ્પે.ટ્રેનો બને, એર વિમાનની સેવા પુનઃ નવેસરથી શરૂ કરવામાં આવી છે. તેનાથી યાત્રીકોને તમામ પ્રકારની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. દેશના યાત્રાધામોમાં જે સંવેદનશીલ વિસ્તારો છે ત્યાં સુરક્ષા વ્યવસ્થા માટે સરકારે રૂા.૫૦ કરોડનું ભંડોળ મંજુર કરેલ છે. ગુજરાતમાં જે યાત્રાધામોનો વિકાસ કરવાનો છે તે માટે નવેસરથી યાદી તૈયાર કરવામાં આવી છે.તેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતનું પ્રભુત્વ જળવાઈ રહે તે માટે અગાઉથી ૪ થી ૫ યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટો મંજુર થઈ ચુકી છે. ખાસ કરીને અંબાજી (બનાસકાંઠા), બહુચરાજી માતાનું મંદિર (બહુચરાજી) અને પાટણમાં શ્રી સિદ્ધનાથ મહાદેવનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખુબ જ વિશાળ જડયો હોવાથી નવા ચાર મંદીરોનું નિર્માણ થશે તો મંદીર ટ્રસ્ટને સારી આવક થઈ રહેશે.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

મેં કહ્યું. એ સાંભળતી હતી.

'અને હા, મારો પેલો કાળારંગનો બૂટ ઉઠાવીને એ કાળી બિલાડીને ફટકાર.. એ બિલાડી કાઢી અને બૂટ પણ કાળો.. એકી ઝાટકે નીચે કૂદીને રફુચકર થઈ જશે.. મારા સાહેબના ઘરમાં લાલ કૂતરો ઘૂસી ગયો હતો. મારા સાહેબની વાઈફે લાલરંગનો બૂટ જે છૂટો માર્યો કે કૂતરાઓ આપસમાં સંધિ, યુધ્ધ વિરામ જાહેર કરીને ફટાફટ નીકળી ગયા હતા.'

'મજાક છોડો-તમારા સાહેબની વાઈફે લાલરંગના કૂતરાને ઘરમાથી ભગાડવા લાલ રંગનો બૂટ હાથમાં ઝાલીને માર્યો હશે પણ..'એ અટકી.

'પણ શું' મેં નવાઈ પામતા પૂછ્યું.

'હું તમારો કાળો બૂટ ઝાલવાની નથી.. કાળી બિલાડીને મારવાની નથી. એક તો મેં અગિયારસનો ઉપવાસ કર્યો છે અને તમે મને ખૂટ ઝાલવાનું-મારવાનું કહો છો ?'

'હા, બિલકુલ.'

'એ નહી બના.'

'કેમ નહી બને, અને મને કહે.'

'તમારો બૂટ આખા અમદાવાદમાં જ્યાં ત્યાં ઘસાયો હોય-એ મારે ઝાલવાનો ? બૂટ ઝાલીને દેહને ગંદો કરવાનો ? હા તમે તમારી વાર્તાઓ અને લેખોમાં લોકોને બૂટ મારવાનું, બૂટે બૂટે ફટકારવાનું ભલેને કહેતા હોય.. પણ મારાથી નહી બને.. માળિયે ઘૂસી ગયેલી બિલાડી ધાર સુધી આવી ગઈ છે. મારી સામે ઘૂરકિયાં કરી રહી છે...

હું હસ્યો.. એ ફોનમાં વહેલા ધ્વનિના લીધે જાણી ગઈ.. એણે કહ્યું કે 'તમે કેવા પતિ છો, સપ્તપદીમાં ફેરા પછી કહ્યું હતું હું તને દર મોરચે સાથ આપીશ આજે એક બિલાડી મામલે મદદ કરવાને મામલે ભાષણ આપો છો ? છેલ્લા શબ્દો વખતે એનો સૂર કંઈક ઉંચાઈ પર લાગ્યો. એટલે મે કહ્યુ'બૂટ થી મારવા ન માગતી હોય તો તારા નવા સેન્ડલ ને છુટુ માર.'

'ના હો.. માળિયામાં મારૂ સેન્ડલ ક્યાંક આડુ અવળું થઈ જાય તો.. તમે આવો છો કે પછી ઘર બંધ કરીને તમને બોલવા-તેડવા ઓફિસે આવું ?'

છેલ્લા શબ્દોનો સૂર એકદમ ઉંચાઈને સ્પર્શી ગયો હતો. ઓ જો ઓફિસમાં આવી તો બીજી બાબતોનો ભંડાફોડ થઈ શકે છે.. નેપછી બોસ પાસેરજા લેવા ગયો- એક જણો ટપકી ગયાનું બહાનું બતાવ્યું-બોસ એમની બાલ વિનાની ટાલમાં કોસકો ફેરવતા હતા.

'પાછું કોણ ગ્યુ?' સવાલ પૂછાયો.

'મામાના ભૈ ના સસરા.'

'તો તો તમારે જવું પડે.'

'જવું તો પડે જ..'

'તમારામાં ટપકી બહુ જાય છે.'

'જી.'

ને ઘેર પહોચ્યો-ત્યારેશ્રીમતી રેણુએકહ્યું, 'હુંતો બિલાડીના નામે તમારી પરીક્ષા કરતી હતી.. પણ ગમે એવો ખૂંખાર-ઘોઘર પણ આવે તો ખરો..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

**અજબગજબની દુનિયા**

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

પરંતુ ફીનલેન્ડમાં દરેક બાળક એક બોકસની સાથે આવે છે. જે એની માતાને આપવામાં આવે છે. આ બેબી કીટમાં નવજાત બાળક માટેના કેટલાક કપડાં, રમકડાં અને બેડશીટ હોય છે. આ પરંપરા છેલ્લા ૭૫ વરસથી ચાલી રહી છે. જોકે માતા રોકડ રકમ અથવા બોકસ બેમાંથી કોઈપણ વસ્તુની પસંદગી કરી શકે છે. રોકડ રકમ આશરે ૧૧,૬૦૦ જેટલી મળે છે. પરંતુ ૯૫ ટકા મહિલાઓ બોકસ જ લે છે. શરૂઆતમાં આ પરંપરા ગરીબ પરિવારો માટે શરૂ થઈ હતી પરંતુ ૧૯૪૯ થી આ પરંપરા દરેકને માટે શરૂ કરવામાં આવી હતી.

અમેરીકામાં જ્યારે બાળકને દાંત આવે છે ત્યારે અમેરીકન માબાપ એક સમારોહનું આયોજન કરે છે. જેને 'અગરા હાદિગ' કહેવામાં આવે છે. જેમાં બાળકને જમીન પર બેસાડવામાં આવે છે અને એની આજુબાજુ કેટલાક સીમ્બોલીક સામાન ગોઠવવામાં આવે છે. જેવી રીતે ટેપ, ડોકટરી સામાન, પુસ્તકો વગેરે... બાળક એમાંથી કોઈપણ એક વસ્તુ પસંદ કરે તે માટે તેને પ્રોત્સાહીત કરવામાં આવે છે. બાળક એમાંથી જે ચીજ ઉપાડે છે તેને તેના ભવિષ્ય સાથે જોડીને જોડવામાં આવે છે. જો બાળક ડોકટરી સામાનમાંથી સ્ટેથોસ્કોપ ઉપાડે તો તે ભવિષ્યમાં ડોકટર બનશે તેવું અનુમાન લગાવવામાં આવે છે.

વિશ્વમાં અનેક માતા પિતાનું માનવું એવું છે કે, પોતાના બાળકોને જમીન પર રમે તો તેને કીટાણુ દ્વારા રોગ થવાની સંભાવના જોવા મળે છે. જેના કારણે તેઓને જમીન પર રમવા દેતા નથી પરંતુ બાલીદેશના માબાપો પણ પોતાના નવજાત બાળકને જમીન પર ઉતારતા નથી કે એમને જમીન અડાડતા પણ નથી. જ્યાં સુધી ૨૧૦ દિવસ ના થાય ત્યાં સુધી કારણ કે એમનું માનવું છે કે બાળકોની અંદર સ્વર્ગની અલૌકિકતા જોવા મળે છે. જ્યારે પ્રથમ વાર બાળક જમીનને અડે છે અથવા તો તેને જમીનના સ્પર્શ કરાવવામાં આવે છે ત્યારે એ પ્રતિક થાય છે તે સ્વર્ગની અલૌકિતતા પાર કરીને માનવ બન્યો છે **કમલેશ કંસારા**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૮૮૦૦-૩૯૧૦૦**
રૂપુ કાચું ૩૮૮૦૦-૩૯૧૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૨૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૩૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૧૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦

ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૦૦-૩૫૭૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૫૫૦**
ખાંડએલ. ૩૭૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેકીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૬૦-૨૦૦
સુકી ડુંગળી ૩૪૦
લસણ ૫૦૦-૭૦૦
ધાણા ૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીબુ ૩૦૦-૩૬૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૨૦-૧૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૮૦-૩૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૭૦૦

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ..............ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ................................................
મોકલનારની સહી : .......................................

## મહેસાણામાં બે મકાનોમાં ચોરી, ત્રીજાનું તાળું તોડતાં રહીશો જાગી ગયા

મહેસાણા

મહેસાણા શહેરમાં રાધનપુર રોડને ઘમરોળ્યા બાદ બુકાટોપીધારી ટોળકીએ હવે મોઢેરા રોડને નિશાન બનાવ્યો છે. રવિવારે રાત્રે ગ્રીન રેસીડેન્સી અને સ્વસ્તિક હોમ્સમાં ચાર મકાનોનાં તાળાં તોડી કુલ રૂ.૧.૭૬ લાખની રોકડ અને સોના-ચાંદીના દાગીના ચોરી ગયા હતા. ગ્રીન રેસીડેન્સીમાં બે મકાનોમાં ચોરી કરી ત્રીજામાં ચરો કરે તે પહેલાં જાગી ગયેલા રહીશોએ પડકારતાં તસ્કરોએ પથ્થરમારો કરતાં ચોકીદારને ઈજા થઇ હતી. જીઆઇડીસી નજીક ગ્રીન રેસીડેન્સીમાં રવિવારે મધરાતે તસ્કરો ત્રાટક્યા હતા. અહીં રહેતા જયંતિભાઇ બાબુભાઇ પ્રજાપતિ ભાઇના મૃત્યુને પગલે પરિવાર સાથે ખદલપુર ગયેલા હોઇ તેમના બંધ મકાનનો નકૂચો તોડી તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા અને લાકડાના કબાટમાંથી રોકડ રૂ.૬૦ હજાર, સોનાના દાગીના તેમજ ૨ પાસપોર્ટ અને બેંકની ચોપડીઓ મુકેલી થેલી મળી કુલ રૂ.૮૦ હજારની મત્તા ઉઠાવી ગયા હતા.

## પાટણના કનાસાના પાડામાં જૈન પંચાનિકા મહોત્સવ નિમિત્તે વિશાળ જળયાત્રા નિકળી

પાટણ

પાટણમાં ત્રણ દરવાજા નજીક આવેલ કનાસાના પાડામાં છેલ્લા ચાર દિવસથી પંચાનિકા મહોત્સવનું આયોજન થયું છે. જેમાં મહોલ્લાના ભાઈ-બહેનો જે બહાર ગામ વસેલા હતા તેઓ માદરે વતન આવતાં પાંચ દિવસથી જાતજાતની કેમ્પીટેશન રાખેલ છે આ પ્રસંગે મહાલ્લાના રહીશો જ્યાં રહેતા હોય ત્યાંથી પાટણ આવી પહોંચે છે જેમાં ૭૦૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ અને દરેક જણ એક જ રસોડે જમે છે, દેરાસરમાં રોજ નીતનવી આંગી કરાય છે ગત બુધવારે મહોલ્લામાંથી જળયાત્રાનો વરઘોડો નિકળ્યો હતો. જેમાં રજવાડી ગાડી, ભગવાનના પાંચ રથ, ઘોડાઓ, બગી, ત્રણ બેન્ડ તથા કુમારપાળ રાજાના ડ્રેસમાં પણ એક પરિવાર જળયાત્રામાં સાથે હોય છે. આ જળયાત્રા શહેરના માર્ગો પર ફરી પરત મહોલ્લામાં આવેલ.

## જીલ્લા પંચાયત પ્રમુખ પાટણના વરદ હસ્તે શાળા આરોગ્ય સપ્તાહ કાર્યક્રમનુ ઉદઘાટન



પાટણ

તારીખ ૨૧-૧૨-૧૭ ના દીવસે પ્રા.આ.કેન્દ્ર ભાટસણ તાલુકો સરસ્વતી, જીલ્લો પાટણના ભાટસણ ગામે ભાટસણ પગાર કેન્દ્ર શાળા માં તારીખ ૨૧-૧૨-૧૭ થી તારીખ ૨૭-૦૨-૧૮ દરમિયાન યોજાનાર શાળા આરોગ્ય સપ્તાહ કર્યક્રમનુ ઉદ્ઘાટન જીલ્લા પંચાયત પ્રમુખપાટણના વરદ હસ્તે કરી શાળા આરોગ્ય કાર્યક્રમ કાર્યરત કરવામાં આવેલ છે. ઉદ્ઘાટનમાં પ્રા.આ.કેન્દ્ર ભાટસણના આયુષ મેડિકલ ઓફીસર આર.બી.એસ.કે મેડિકલ ઓફીસર ,પ્રા.શાળાના આચાર્ય,તાલુકા હેલ્થ સુપરવાઈઝર , શિક્ષકગણ તેમજ આરોગ્યના કર્મચારી હાજર રહેલ. કાર્યક્રમમાં પ્રા.આ.કેન્દ્ર ભાટસણના આયુષમેડિકલ ઓફીસર અને આર.બી.એસ.કે મેડિકલ ઓફીસર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંગે શિક્ષકગણ તેમજ બાળકોને માહિતગાર કર્યા.કાર્યક્રમમાં શાળા પરિવારનો ખુબજ સારો પ્રતિસાદ મળ્યો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ભીલડી** | અડદ | ૭૩૦-૮૦૮ |
| બાજરી | ૨૩૦-૨૫૮ | મગફળી | ૬૦૦-૭૯૦ |
| ગવાર | ૭૫૨-૭૬૧ | | **પાટણ** |
| મગફળી | ૭૩૦-૭૭૦ | એરંડા | ૮૩૧-૮૬૫ |
| કપાસ | ૧૦૦૦-૧૦૧૬ | મેથી | ૪૮૭-૫૮૦ |
| રાયડો | ૬૫૦-૬૬૭ | સુવા | ૯૫૧-૧૦૪૩ |
| એરંડા | ૮૩૦-૮૪૫ | રાયડો | ૬૩૦-૬૭૪ |
| ઈસ. | ૧૯૭૮ | જીરૂ | ૨૪૩૦-૩૮૨૧ |
| જીરૂ | ૩૪૦૦-૩૭૦૧ | વરી. | ૧૦૩૫-૧૨૬૦ |
| તલ | ૧૬૭૭-૧૬૯૦ | જુવાર | ૫૬૨-૬૪૬ |
| અડદ | ૭૫૦-૮૧૮ | તલ | ૧૫૫૧-૧૭૦૬ |
| મેથી | ૫૮૦-૬૩૫ | ઘઉં | ૩૨૦-૩૫૯ |
| રાજગરો | ૭૭૦-૭૮૧ | બાજરી | ૨૩૩-૨૭૦ |
| | **ધાનેરા** | બંટી | ૩૭૦-૩૭૮ |
| એરંડા | ૮૨૦-૮૩૯ | અજમો | ૫૦૦-૧૨૦૧ |
| રાયડો | ૬૫૦-૬૭૩ | મગ | ૬૫૦-૯૩૦ |
| ઈસ. | ૧૬૨૦-૧૯૫૦ | અડદ | ૭૨૩-૮૮૮ |
| તલ | ૧૨૭૦-૧૭૪૬ | ગવાર | ૭૦૧-૭૮૦ |
| વરી. | ૧૦૩૦-૧૦૭૦ | કપાસ | ૯૯૦-૧૦૬૦ |
| મેથી | ૫૭૦ | | **થરા** |
| સુવા | ૯૦૦-૯૮૦ | જીરૂ | ૩૫૦૦-૩૮૮૦ |
| રાજગરો | ૭૪૪-૭૭૮ | એરંડા | ૮૪૩-૮૪૮ |
| અજમો | ૫૯૧-૮૨૬ | ગવાર | ૭૨૦-૭૬૮ |
| બાજરી | ૨૩૫-૨૮૫ | ઘઉં | ૩૨૨-૩૫૪ |
| મગ | ૮૭૧-૯૭૪ | બાજરી | ૨૪૦-૨૬૫ |
| મઠ | ૬૬૩-૬૮૩ | અડદ | ૭૩૯-૮૧૧ |
| ચોળા | ૬૩૭-૬૬૭ | મગફળી | ૯૦૦ |
| ગવાર | ૭૦૯-૭૭૨ | | |

## સાંતલપુર તાલુકાના ઝઝામ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ નથી

રાધનપુર

સાંતલપુર તાલુકાના ઝઝામ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર,સ્ટાફ નર્સ, ફાર્માસીસ્ટ સહિતની મોટા ભાગની જગ્યાઓ છેલ્લા કેટલાય સમયથી ખાલી પડી છે, આ ઉપરાંત આયુર્વેદિક ડોક્ટરની સેવા લોકોને મળતી હતી,પરંતુ તેમની પણ બદલી કરી નાખવામાં આવી હોવાથી જગ્યા ખાલી પડી છે,જેના કારણે છેવાડાના લોકોને જબરજસ્ત હાલાકી પડી રહી છે,૧૦૮ એમ્બ્યુલન્સની પણ ઘણા સમયથી માંગ કરવામાં આવી હોવા છતાંય તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે,તાલુકા પંચાયતના સદસ્ય અણદુભા જાડેજાએ જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિતમાં આ તમામ જગ્યાઓ ભરવા માટે રજુઆત કરી છે,એક સપ્તાહની અંદર આ તમામ જગ્યાઓ ભરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી પણ આપવામાં આવી છે,આ રજૂઆતની નકલ ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર, જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીને પણ મોકલી આપવામાં આવી છે,

## સત્ય હંમેશા કડવું જ રહેવાનું પણ વર્તમાન ૨૨ વર્ષની સરકારે વિચારવા જેવું ખરું...?

તા પ્રતિ. પાટણ

ચૂંટણી સમયે ઢંઢેરો આવે તેમાંથી કેટલુ અમલમાં આવે છે તે આપણે બધાં વર્ષોથી જાણીએ છીએ અને ગરીબી કેમ જડ મુળથી ખતમ નથી થતી તે અંગે એકપણ પક્ષની સરકારે ગંભીરતાથી વિચાર્યું છે ખરું ?

માત્ર સબસીડી, રાહત, અનામત, સહાય, આવા નમાલા અને નિરર્થક શબ્દોની નેતા અને પ્રજા બન્નેને ગમે છે. પરંતું તે વિકાસને રૂંધે છે. ખરેખર પ્રગતિ અને વિકાસનું મુળ કયા છે તે બાબતે ગંભીરતાથી પ્રજાતંત્ર કે દરેક પક્ષના નેતાઓએ વિચાર્યું જ નથી.

મિત્રો આપણા ઋષિમુનિઓ દ્વારા જે શિક્ષણ સાદગી સાથે ધર્મને અગ્રતાક્રમ આપીને અપાતુ હતું તેવુ શિક્ષણ આજે ક્યાય દેખાય છે પણ ખરું ? આજે શિક્ષિકા અને વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને પણ વેસ્ટર્ન સ્ટાઈલ પહેરવેશમાં બોલવામાં અને આચરણમાં લાવીને માત્ર છીછરાપણું બતાડવું છે. વેસ્ટર્ન લોકો માત્ર કપડાથી વેસ્ટર્ન છે સંસ્કાર, બુધ્ધિ અને આચરણમાં તેઓ વિવેકી, પ્રગતિશીલ છે જે સમજવાની સમજણ નથી અથવા કડવું સત્ય સ્વીકારવા તૈયાર નથી.

## મહેસાણા જિલ્લા મિત્રમંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ




અંકલેશ્વર

ભરૂચ નર્મદા કિનારે આવેલ નિલકંઠેશ્વર મહાદેવના પ્રાંગણમાં મહેસાણા જિલ્લા મિત્રમંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ ગઈ. સમગ્ર દિવસ દરમ્યાન ચાલેલી આ સામાન્ય સભામાં મહેસાણા જિલ્લા મિત્રમંડળના સભ્યોએ તેમના કુટુંબીજનો સાથે મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

મુખ્ય અતિથી તરીકે સુરત જિલ્લના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમને પોતાના વ્યક્તવ્યમાં સંસ્થામાં કાર્યને વખાણ્યું હતુ.

અલ્પેશભાઈએ વર્ષ દરમ્યાન પ્રમુખ વજુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થયેલા કાર્યક્રમોની વિગત આપતા જણાવ્યું હતુંકે ૨૬-૨૭ ફેબ્રુઆરીએ અંકલેશ્વરની ચંદબાલા મોદી હાઈસ્કુલ ખાતે રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં એમપીએલ-૨૦૧૭ ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં હતું. જેમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વરદાયિની કેમીકલ વિજેતા બની હતી.

જયારે ઉમા ઓર્ગેનિક્સ રનર અપ રહી હતી. ૧૭ જૂનના રોજ કોડમંત્ર નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ અંકલેશ્વર જીઆઈડીસીમાં જન્માષ્ટમી દિવસે નીકળતી શોભાયાત્રામાં ભાગ લીધો હતો. તેમજ દશેરાના દિવસે માનવમંદિર ગ્રાઉન્ડ ખાતે ગરબાઓનું આયોજન કર્યુ હતું આ ઉપરાંત ભરૂચ ખાતે યોજતા છડી કાર્યક્રમમાં પણ સંસ્થા દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

પ્રમુખ વજુભાઈ પટેલે વર્ષ દરમ્યાન સૌએ આપેલ સાથ સહકાર બદલ સૌનો આભાર માન્યો હતો.

તેમને માહિતી આપતા જણાવ્યું હતુ કે મહેસાણા જિલ્લા મિત્રમંડળની સ્થાપના ૧૯૭૭ માં જૂજ સભ્યો સાથે કરવામાં આવી હતી. તેને ૪૦ વર્ષ થયા છે. આજે તેની સભ્યસંખ્યા વધીને ૨૬૦૭ થઈ છે.

આજના દિવસે ધોરણ એકથી ૧૨ માં પ્રથમ ત્રણમાં આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામા આવ્યું હતું. તેમજ વિવિધ ફેકલ્ટીમાં ઉચ્ચ ક્રમાંકે ઉતિર્ણ થનારને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે બાળકો અને યુવાનો દ્વારા સમાજનો વિવિધ સંદેશ આપતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ કાઉન્સીલ (આઈએએસ ટ્રેનિંગ સેન્ટર) અમદાવાદના આર.પી.પટેલ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સભાના પ્રમુખ હરગોવિદભાઈ પટેલે જે સૂચનો રજુ કર્યા હતા તેમાં સંસ્થા ૪૦ વર્ષ ની થઈ હોવા છતા હજુ પોતાનું મકાન ન હોવા બાબતે નારાજગી વ્યક્ત કરી હતી.

પરંપરા મુજબ વર્ષ દરમ્યાન બે ટ્રસ્ટીઓ નિવૃત થાય તેમાં બળદેવભાઈ પ્રજાપતિ અને ડાહ્યાભાઈ પટેલ નિવૃત થતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે નવા ટ્રસ્ટીઓમાં કરમશીભાઈ દરજી અને વિનોદભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી હતી.

## સાંતલપુર તાલુકાના જાખોત્રા ગામે પાણી વિના જમીન ઉજ્જડ બની

રાધનપુર

સાંતલપુર તાલુકાના જાખોત્રા ગામે નર્મદા યોજનાની કેનાલ ઘણા સમયથી આવી ગયી હોવા છતાંય આજ દિન સુધી આ ગામના લોકોએ નર્મદાનું પાણી જોયું નથી,પાણી ના મળવાને કારણે આ વિસ્તારની

ખેતીલાયક જમીન ઉજ્જડ બની જવા પામી છે,જેના કારણે આ વિસ્તારના લોકોને ધંધાર્થે સ્થળાંતર કરવું પડે તેવી પરિસ્થિતિ પેદા થતી હોય છે.જેના લીધે ખેડૂતોના પરિવારોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે,તેવી રજુઆત ગ્રામજનોએ સ્થાનિક ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરને કરી છે, જેમાં નર્મદાના નીરથી ગામનું તળાવ ભરવામાં આવે અને ખેડૂતોને ખેતી માટે પાણી મળે એ માટે રજુઆત કરવામાં આવી છે.

## વારાહીમાં રાધનપુરના ધારાસભ્યનો અભિવાંદન સમારંભ યોજાયો

વારાહી

વારાહીમાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો અભિવાદન સમારંભ યોજાયો. જેમાં કોંગ્રેસ અગ્રગણ્ય ફરસુભાઈ ગોકલાણી,

કોંગ્રેસ જિલ્લા પ્રમુખ કાનજીભાઈ દેસાઈ, તાલુકા પ્રમુખ મહેબુબખાન મલેક, જહીદખાન મલેક, તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન ઈશ્વરભાઈ કેવળભાઈ પરમાર, ચેતનદાન ગઢવી, નારણદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણાઃ સરદારપુરામાં સપ્તાહથી ગુમ છાત્રની માતાએ અન્નનો ત્યાગ કર્યો

મહેસાણા

સતલાસણાના સરદારપુરા ચીકણા ગામેથી ૯ વર્ષના છાત્ર હિરેનની અપહરણની ઘટનાથી વ્યથિત તેની માતાએ અન્નનો ત્યાગ કર્યો છે. બીજી બાજુ તેને શોધી કાઢવા મહેસાણા એલસીબી સહિતની કુલ ૩ ટીમો બનાવીને તપાસ હાથ ધરાઇ છે. જોકે, પોલીસના મતે હિરેન ગામમાંથી બહાર ગયો નથી અને ગામમાં જ તે હોવો જોઇએ. આ સંજોગોમાં પોલીસે ૧૫થી વધુ શકદારોની પણ પૂછપરછ હાથ ધરી છે.

બાબુજી બધાજી ઠાકોરનો ૯ વર્ષનો પુત્ર હિરેન ગત ૨૩ ડિસેમ્બરે બપોરે ૧૧.૩૦ વાગ્યે શાળાએથી છુટીને સીધો ગામમાં પતંગ ચગાવવા ગયો હતો અને કલાકો બાદ પરત ન ફરતાં તેની શોધખોળ બાદ સતલાસણા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો. છેલ્લા એક સપ્તાહથી તપાસ કરી રહેલી પોલીસને કોઇ જ કડીઓ ના મળતાં મૂંઝવણમાં મૂકાઇ છે. બીજી બાજુ મહેસાણા એલસીબી સહિતની ૩ ટીમો ગુમ હિરેનની શોધખોળ ચલાવી રહી છે.

પુત્ર માટે રડી રહેલા મેનીબેને અન્નનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો છે. મારા હિરેનને ગમે ત્યાંથી લાવી આપો કહીને રડી પડે છે. છેલ્લા એક સપ્તાહથી તપાસ કરી રહેલી પોલીસે ગામમાંથી બહાર નીકળતા માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજમાં હિરેન ન દેખાતાં તે ગામમાં જ હોવાનું અને કોઇએ છુપાવી રાખ્યો હોવાની શંકા આધારે તપાસ હાથ ધરી છે.

## મોડાસામાં માલધારી સમાજ દ્વારા કિરીટ પટેલ વિરૂધ્ધ દેખાવ

(હિં.સ.) હિમતનગર

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ દ્વારા હિંદુ સંસ્કૃતિમાં માતા સમાન ગણાતી ગાય માતા પર ટીપ્પણી કરતા ગુજરાતનો માલધારી સમાજને ઠેસ પહોચતા તેમણે વિરોધ કર્યો હતો અને આ વિરોધનો સુર સમગ્ર ગુજરાતમાં માલધારી સમાજમાં આક્રોશ દેખાઈ રહ્યો છે જેના સંદર્ભે આજરોજ અરવલ્લી જીલ્લાના મોડાસામાં માલધારી સમાજ દ્વારા પાટણના ધારાસભ્ય કિરીટ પટેલનો આજરોજ પુતળા દહનનો કાર્યક્રમ બપોરે ૧૨ કલાકે રાખવામાં આવ્યો હતો. માલધારી સમાજના યુવાનો એકઠા થઈ મોડાસા ડીપ વિસ્તારમાંથી કિરીટ પટેલ હાય હાય ના નારા લગાવી પુતળું લઈ રેલી સ્વરૂપે મોડાસાના ચાર રસ્તા પર પહોચ્યા હતા. ત્યાં પૂતળાનો દહન કાર્યક્રમ શરૂ થાય તે પહેલા આ પુતળાને મોડાસા પોલીસ દ્વારા પોલીસના કબજામાં લઈ લેવામાં આવ્યું હતું અને અરવલ્લી મોડાસામાં માલધારી સમાજ જે ગાયને માતા ગણે છે તેવો વર્ગ પુતળા દહન કર્યા વગર પાછા ફરતા તેમનામાં નિરાશા જોવા મળી હતી

આ પહેલા પણ પાટણમાં માલધારી સમાજના આગેવાનોએ કિરીટ પટેલનો વિરોધ વ્યકત કરવામાં આવ્યો હતો

## ચાણસ્મા મામલદાર કચેરીના પુરવઠા વિભાગમાં રેશનકાર્ડ ધારકોની અરજીઓનો નિકાલ કરવા માંગ

ચાણસ્મા

ચાણસ્મા મામલતદાર પુરવઠા કચેરી વિભાગ દ્વારા અનાજનો જરૂરી જથ્થો મેળવવા રેશનકાર્ડનું વિભાજન કરવા, નામ ઉમેરવા તેમજ કમી કરવા સહિત નવીન રેશનકાર્ડ કાઢવાની અને કાર્ડ ગ્રાહકની ફીંગર પ્રીન્ટમાં ફેર બદલ કરવાની કામગીરી ખુબ જ મંદ ગતીએ ચાલી રહી છે. રેસનકાર્ડ વિભાજીત કરવાની કેટલીક પડતર અજીઓનો છ છ માસથી નિકાલ કરવામાં આવતો નથી. તેમજ કેટલીક અરજીઓ ખોવાઈ ગઈ હોવાની ફરિયાદો થઈ રહી છે. તેમ છતાં અરજદારોની માંગ સંતોષવામાં નહી આવતાં કચેરી ખુલતાની સાથે જ અરજદારો કચેરીના ચક્કર કાપી રહ્યા છે. અને કામ ન થવાને કારણે અરજદારો વીલા મોં એ નિસાસો નાખી ઘેર પરત ફરે છે. જ્યારે બીજી બાજુ આ કચેરીમાં વચેટીયાની ભૂમિકા હોય તેવા કિસ્સામા અરજદાર પાસેથી નૈવેદ્ય લઈ ફટાફટ કામ થઈ રહ્યું છે. પરિણામે અરજદારોમાં મામલતદાર કચેરીના વહીવટ સામે અનેક સવાલો ઉભા થયા છે.

રેશનકાર્ડની ઓનલાઈન કામગીરી અઠવાડીયામાં એક જ દિવસ કરવામાં આવે છે. પરિણામે રેશનકાર્ડને લગતી ફરિયાદોનો ખડકલો જોવા મળી રહ્યો છે. આ કચેરીમાં કોન્ટ્રાકર બે જ ઉપર ફરજ બજાવતા કમ્પ્યુટર ઓપરેટર તથા અન્ય સ્ટાફ ફરજ ઉપર નિયમિત હાજર રહેતો નથી. પુરવઠા વિભાગમાં નાયબ મામલતદાર તેમના વિભાગ નીચે કામ કરતા કર્મચારીઓ પાસેથી સમયસર કામ થઈ શકતા નથી, રેસનકાર્ડમાં વિભાજન કરવાની ઘણી બધી અરજીઓ છેલ્લા છ માસથી પડતર છે ક્યાંક તેનો યોગ્ય નિકાલ થતાં નથી અને કેટલીક અરજીઓ ગુમ થયા હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. રેશનકાર્ડની મોટાભાગની કામગીરી જે તે ગામના વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો અને વચેટીયા મારફતે થાય છે. અરજદારોની અરજીઓનો સીધો નિકાલ કરવામાં આવતો નથી. અને હંગામી સ્ટાફ દ્વારા નૈવેદ્ય લીધા સિવાય કામ ન થવાને કારણે અરજદારો વહેલી સવારથી જ પુરવઠા વિભાગની કચેરીમાં કતારમાં જોવા મળે છે. પુરવઠા વિભાગની કામગીરી તરફ શંકાનીસોય સેવાઈ રહી છે.

## પાટણ ખાતે રિક્ષામાં પેસેન્જર ભરવાની અદાવતમાં શખ્સ પર તલવારથી હુમલો

પાટણ

પાટણ શહેરના ગુલશનનગરમાં અગાઉ ગત ૨૫ મી ના રોજ સર્જાયેલી અથડામણમાં વધુ એક બનાવનો ઉમેરો થયો છે. આ બાબતે વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણના ગુલશનનગર સોસાયટીના નાકે આસીફ પાર્લર પાસેના મહોલ્લામાંથી નિકળી રહેલા મોહસીનખાન મહમદખાન બલોચને ઈમરાનખાન બલોચે તલવાર, યાસીકખાને લાકડી, આદીરખાન અનવરખાને હોકી, મજહરખાને લોખંડની પાઈપ, ફિરોજખાને ધોકો અને અન્યો લાકડીઓ લઈ આવ્યા હતા અને મોહસીનખાનના ભાઈની રીક્ષામાં પેસેન્જર ભરવા બાબતે અગાઉની અદાવત રાખી ઈમરાનખાને મોહસીનખાનને માથામાં ઊંધી તલવાર મારી હતી તથા હાથે ફેક્ચર કરી ઈજાઓ કરી હતી. આ બાબતે પોલીસે ગુનો નોંધ્યો છે.

## ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખનું નિધન

ઊંઝા

ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અને ચાણસ્માના માજી ધારાસભ્ય વિક્રમભાઈ ધનજીદાસ પટેલનું ટૂંકી માંદગી બાદ ગઈરાત્રે ઊંઝા ખાતે ગોકુલધામ સોસાયટી ખાતે તેમના નિવાસ સ્થાને અવસાન થયું હુતં. સ્વર્ગસ્થના પાર્થિવ દેહને તેમના નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો. જ્યાં આજે સવારે ઉમિયા માતાજી સંસ્થા ઊંઝાના અન્ય



હોદ્દેદારો, કારોબારી સભ્યો, સ્થાનિક મહિલા ધારાસભ્ય, બજાર સમિતિના ચેરમેન, પાલિકા પ્રમુખ સહિત પાટીદાર સમાજના આગેવાનો, કાર્યકરો, સગાસંબંધીઓ વગેરેએ અંતિમ દર્શન કરી પુષ્પાંજલિ અર્પી હતી.

સ્વર્ગસ્થની ઈચ્છા મુજબ તેમના દેહનું વડનગર મેડીકલ કોલેજમાં દાન કરવામાં આવ્યું હતું. સ્વ.વિક્રમભાઈ પટેલે ત્રણેક માસ પૂર્વે કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યો હતો. તેમણે ચાણસ્માના ધારાસભ્ય તરીકે તેમજ સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓમાં પણ સેવાઓ આપી હતી.